॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥



સત્યં વદ



ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



**પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ**
**શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર**

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ - વેદાન્તાચાર્ય

વર્ષ ૪૬ સંવત ૨૦૮૦ ભાદરવો, સપ્ટેમ્બર - ૨૦૨૪ અંક - ૯




















**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

|| જય શ્રી સચ્ચિદાનંદ ||

ૐ

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષઃ ૪૬ / સપ્ટેમ્બર – ૨૦૨૪ / અંક–૯

## અનુક્રમણિકા

**૦૪** શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

**૦૭** ૨૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ચમારડી
ધ્રુવી વિપુલભાઈ સોનાણી

**૧૧** તત્ત્વબોધ
લતાબેન એ. માંગુકિયા

**૧૨** આ શરીર પ્રભુની થાપણ છે.
અમરશીભાઈ ગોળકિયા

**૧૩** શિષ્યના સમર્પણનું પર્વ છે - ''ગુરુ પૂર્ણિમા''
ભાવનાબેન ગોળકિયા

**૧૪** જીવનમાં ભક્તિ કેવી હોવી જોઈએ ?
પીનલ એચ. પટેલ

**૧૫** સુમેરુ - ૫૮-૫૯
કાળુભાઈ કોશિયા

**૧૬** સર્પોના જન્મની કથા
મહાભારત

**૧૭** સાર્થક જીવન
નરશીભાઈ વઘાસિયા

**૧૯** અન્નનો ઓડકાર
નીતીન પટેલ

**૨૦** આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે
કૃષ્ણાબેન જી. સવાણી

**૨૨** સત્સંગ સમાચાર

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
**પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,**
**૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,**
**માનગઢ ચોક,**
**વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.**

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી**
**શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા**

## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૫ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**

**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
**શ્રી માધવાનંદ આશ્રમ,**
**ઉદયનગર–૧,**
**કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦**

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

# શ્રીમદ્ ભાગવત કથામૃત


કૃષ્ણાબેન એ. બેલડિયા
(વલ્લભીપુર)

**પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ**

(ગતાંકથી ચાલુ)

**यत्र यत्र च मद्भक्ताः प्रशान्ताः समदर्शिनः ।**
**साधवः समुदाचारास्ते पूयन्त्यपि कीकटाः ॥१९॥**

ભગવાન કહે છે કે, 'જ્યાં જ્યાં મારો ભક્ત હોય, શાંન્ત હોય, સાધુ હોય, સંત હોય, સમદર્શી હોય ત્યાં ત્યાં કીડાઓનું પણ કલ્યાણ થઈ જાય છે. તો પછી કુટુંબનું કલ્યાણ થાય, એમાં કહેવાનું શું ?' એટલા માટે ભગવાન નૃસિંહ પ્રહ્લાદને કહે છે, 'તારું અવશ્ય કલ્યાણ થશે. તારા કુટુંબનું પણ કલ્યાણ થશે. તારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી.'



**नारद उवाच**

**प्रह्लादोऽपि तथा चक्रे**
**पितुर्यत्साम्परायिकम् ॥ २४ ॥**

પછી પ્રહ્લાદે તમામ પ્રકારની પાછલી ક્રિયાઓ કરી. પછી સારી રીતે પાછળના બધા કામો કર્યા.

**य एतत् पूण्यमाख्यानं विष्णोर्वीर्योपबृंहितम् ।**
**कीर्तयेच्छ्रद्धया श्रुत्वा कर्मपाशै र्विमुच्यते ॥ ४६ ॥**

શ્રી શુકદેવજી કહે છે 'આ પુણ્ય કથા છે જે વિષ્ણુ ભગવાનનું વીર્ય વધારવાવાળી ભગવાનની ભક્તિ વધારવા વાળી આ કથા જે સાંભળે છે એને અનેક પ્રકારના લાભો થાય છે.આ કથા સર્વે પ્રકારે અધ્યાત્મથી ભરપુર ભરેલી છે. આને જે શ્રદ્ધાથી જીવનમાં ઉતારે છે તે તમામ પ્રકારના લાભોનો ભાગીદાર થાય છે.' એટલા માટે આ કથાને હૃદયમાં ધારણ કરવી. ખાસ કરીને આ કથામાં ભક્તિ પણ બતાવી. આત્મજ્ઞાન પણ બતાવ્યું ને સુંદર સારું ધર્માચરણ પણ બતાવ્યું છે. જુવાનીમાં સારા આચરણો કરવા. અસુરોને શિક્ષણ આપ્યું, 'કે તમારે આસુરી ભાવ છોડી દેવો હંમેશા મનુષ્યે આસુરી સંપત્તિ છોડી દેવી. દૈવી સંપતિ ધારણ કરવી.' માણસોએ નવધા ભક્તિ વાળું થવું. મનુષ્યે જ્ઞાની થઈને ભક્તિ કરવી. ગીતામાં ભગવાને ચાર પ્રકારના ભક્તો બતાવ્યા છે. 'આર્ત, જીજ્ઞાસુ, અથાર્થી અને જ્ઞાની.' એમાં ભગવાને કહ્યું,' જ્ઞાની એ મારો આત્મા થઈ જાય છે.' જેમ તમારો છોકરો ડૉકટર થઈને તમારી સેવા કરે તો વધારે સારો લાગે. મૂર્ખ હોય તોય છોકરો તો સારો જ લાગે પણ અધિક પ્રેમ ન હોય. એમ જે ભક્તિ સમજીને કરે સારી કરે ને બીજાને કરાવે તે ભક્ત ભગવાનને પોતા જેવો લાગે છે એટલે હંમેશા મનુષ્યે ખૂબ ભક્તિ કરવી. સારા કર્મો કરવા સાથે સાથે જ્ઞાન પણ લેવું.

**''આ અવસરમાં પ્રભુને ઓળખો,**
**જ્ઞાન પામવા તત્પર રહેજે જો,**
**ચૂક્યો તો ચોરાશીમાં પડ્યો,**
**એવું જાણી પ્રભુ ગુણ ગાજે જો.... આ અવસરમાં૦**
**જેવો સ્વારથમાં શૂરો થયો,**
**એવું પરમારથ આચરતો જો.... આ અવસરમાં૦**
**તો તું અવિચળ પદવી પામતો,**
**શાને મરતો ને અવતરતો જો.... આ અવસરમાં૦**
**ઘરના ધંધામાં શું રાચી રહ્યો,**
**ઉમરડાં ફળ જંતુની પેરે જો;**

**હરિમાયાનું બળ જાણ્યું નહીં,**
**લીધો ભવસાગરની લહેરે જો.... આ અવસરમાં૦**
**હરિના નામતણી નૌકા મળે,**
**પ્રાણી સહેજે પામે તું પાર જો;**
**પ્રીતમ જે પરમાત્મા પ્રીછશે,**
**તેને ફરી નહીં સંસાર જો.... આ અવસરમાં૦''**

આ માનવ જન્મમાં આવીને ભગવાનને જો ઓળખ્યા તો પરમ કલ્યાણ થાય છે. જે ભગવાનને ઓળખતા નથી એને ભગવાનનો લાભ થતો નથી.

એકવાર એક છોકરો એના સગાને મુંબઈ મળવા ગયો. સવારે છ વાગ્યે મુંબઈ ઊતર્યો. ત્યાં તે સગાનું એડ્રેસ ફોટો પણ લઈ ગયો. એના સગાનો ટાઈ ને કોટ પહેરેલો ફોટો હતો. એ સાથે હતો. એડ્રેસ લઈને સગાને ઘેર પહોંચી ગયો. એના સગા નાહીં -ધોઈ ધોતી પહેરી ચંદન લગાવી માળા પહેરીને પૂજા કરતા હતા. ત્યાં આ જુવાન ગયો. તેણે દરવાજો ખખડાવ્યો. એટલે એ ખોલવા આવ્યા એને જોઈને 'આવો, એમ કહ્યું. એ તો ઓળખી ગયા કે 'આ તો મને મળવા આવ્યા છે.' પણ પેલો યુવાન તેને ઓળખી ન શક્યો એને લાગ્યું કે આ મારા સગા નથી લાગતા આ તો કોઈ બીજું લાગે છે. એણે પૂછ્યું, 'આ મારા સગા છે તે ક્યા ગયા ?' પેલો કહે, 'હું એકલો જ અહીં રહું છું. બીજું કોઈ અહીં નથી.' તો કહેવા લાગ્યો, આ એડ્રેસ તો બરાબર છે. પેલા સગા કહેવા લાગ્યા, 'હું એજ છું. તમે કેમ ઓળખતા નથી ? ' પેલો કહેવા લાગ્યા, 'આ મારી પાસે ફોટો છે. એવા તમે નથી લાગતા.' તો કહેવા લાગ્યા, 'હું પોણા દસ વાગ્યે એવો બનીશ. કેમકે ઓફિસે જવાનું થશે ત્યારે હું આવા કપડા પહેરુ છું.' પેલો કહે, 'નહીં, પણ મને એવો વિશ્વાસ થતો નથી.' તો આમ એ ઓળખી શક્યો નહીં. એટલે પાછો જતો રહ્યો પેલાએ ઘણો સમજાવ્યો કે, 'તું કંઈ લેવા આવ્યો છે કે દેવા આવ્યો છે ?' જો લેવા આવ્યો હો તો કમસેકમ લેતો જા.' પણ ઓળખ્યા નહીં એટલે વિશ્વાસ બેઠો નહીં એટલે પાછો જતો રહ્યો. એમની મુંબઈની યાત્રા નકામી ગઈ. આપણા ભગવાન હૃદયમાં છે કણકણમાં છે. ભક્તિ પણ કરીએ છીએ. ભગવાનને મળવા દોડીએ પણ છીએ. પણ ઓળખતા નથી એટલે લેતા નથી મહાત્મા કહે કે, 'બધે છે' તો કહેશે કે 'એમ કંઈ રસ્તામાં થોડા પડ્યા હશે ?' તો ઓળખે એને બધેય છે ને ન ઓળખે એને બધેય મળતા નથી એટલે ભગવાન સત્, ચિત્ ને આનંદરૂપ છે. તમે સત્ છો કે અસત્ છો, બોલો ? તો ભગવાનને ન ઓળખે એ પોતાને કેમ ઓળખી શકે. કર્ણને પૂછ્યું, 'તું કોનો પુત્ર છે ?' તો કર્ણ શું બોલે કહો ? કેમકે કર્ણને ખબર ન હતી કે હું કોનો પુત્ર છું. એમ જેને હું કેવો છું ? કોનો છું ? ક્યાંથી આવ્યો છું ? એવું જ્ઞાન જ ન હોય એટલે સંતોએ બતાવ્યું **'કા તે કાન્તા કસ્તે પૂત્ર :'**

**''તું કોણ ને કોણ છે તારું, ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનું;**
**એ તત્ત્વને સમજવા, તમે આવો સત્સંગ દ્વારે.**
**તું દેહ નહીં પણ દેહી, ચેતન છે જડની ન થેલી;**
**સત્ચિત્ આનંદ મેળવવા, તમે આવો સત્સંગ દ્વારે.''**

હંમેશા ભગવાનનું જ્ઞાન પહેલાં શીખવું કે, 'પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તો હું એનો અંશ હોવાથી હું પણ સચ્ચિદાનંદ સ્વરૂપ છું' એવું આત્મજ્ઞાન દ્રઢ કરવું. 'બાપ એવા બેટા ને વડ એવા ટેટા.' તો પરમાત્મા સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ છે. તો આપણો આત્મા પણ સત્ ચિત્ ને આનંદ સ્વરૂપ છે. એ જો દ્રઢ કરશો તો અમર થઈને ફરશો. મુક્ત આનંદમય થઈને ફરશો. કેમકે પરમાત્મા અમર છે, એટલે આપણો આત્મા પણ અમર છે એટલે અમર થઈને રહેવું, પરમાત્મા ચેતન છે એટલે આપણો આત્મા પણ ચેતન છે તો મુક્ત થઈને રહેવું, પરમાત્મા આનંદમય છે તો આપણો આત્મા પણ આનંદ આનંદનો ભંડાર છે. પરમાત્મા બધે પૂર્ણ છે તો તમે

પણ બધે પૂર્ણ વ્યાપી રહેલા છો. જેમ કર્ણને પોતાની માતાનું જ્ઞાન ન હતું. તેથી પોતાનું જ્ઞાન ન હતું. એમ આપણને જો આપણા માતા-પિતા ભગવાનનું જ્ઞાન ન હોય તો આપણે ભટકવું પડશે. એટલે વેદો કહે છે જો આ માનવ જન્મમાં ભગવાનને ઓળખ્યા તો પરમ કલ્યાણ થશે, નહીં તો પછી પેલાને મુંબઈથી પાછું આવવું પડ્યું એમ તમારે વારંવાર પાછું આવવું પડશે. એટલે જ કહે છે ને કે, 'ભાઈ ! પાછા થયા.' પાછા જ થાય ને જ્યાં સુધી પોતાનું ઘર ન જડે ત્યાં સુધી આઘા જાય ને પાછા જાય.

**"પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનમ્."**

એટલે વેદો એ કહ્યું, 'પરમાત્માને જાણ્યા વગર મોક્ષ થતો નથી.' જેને પરમાત્માનું જ્ઞાન થાય એ જ કૈવલ્ય મુક્ત થઈ જાય છે. સર્વથા બ્રહ્મરૂપ બની જાય. તો ધીરે ધીરે પહેલા કામ સારા કરો. સંસારમાં ભગવાનની ખૂબ ભક્તિ કરો. પણ ધીરે ધીરે જ્ઞાન પણ લેતા રહો. સારા કામ, સારી ભક્તિ ને સારું જ્ઞાન એ ત્રણેય જીવનમાં રાખતા રહેવા જોઈએ. સત્કર્મ કરવાથી સંસારનો વ્યવહાર સારો ચાલે, ભગવાનની ભક્તિ કરવાથી ભગવાનનું ઋણ ચૂકવાઈ જાય અને જ્ઞાન લેવાથી નરમાંથી નારાયણ થઈ જવાય. જીવમાંથી શિવ થઈ જવાય. આખુ વિશ્વ બ્રહ્મ રૂપે થઈ જાય એટલા માટે દૃષ્ટિ જો જીવની જ્ઞાનમય થાય તો જીવ બ્રહ્મમય બની જાય. તો ધીરે ધીરે આત્મ કલ્યાણ કરવા માટે મનુષ્યે જીજ્ઞાસુ પણ થવું જોઈએ. બ્રહ્મસૂત્રમાં એમ કહ્યું છે કે,'માનવને એવી ઈચ્છા થવી જોઈએ કે પરમાત્મા ક્યાં છે ? કેવા છે ? કેવડા છે ? ક્યાં રહે છે ?' એવું જાણવાની ઈચ્છા કરવી. જો મનુષ્યને ઈચ્છા હશે તો ભગવાનનું જ્ઞાન દ્રઢ થશે. નહીં તો પછી એમ ને એમ ભટક્યા કરશો. ગાયને ભેંસને રોગ થાય એને ખબર પડતી હશે ? બોલો, તો ખબર પડે એ સારું કે ન ખબર પડે એ સારું ? ખબર પડે તો દવાખાને જઈને રોગ મટાડાય એમ તમને જન્મ-મરણનાં દુઃખ કેમ થાય છે ? વારંવાર જન્મ-મરણમાં ભટકવું કેમ પડે છે ? તો ભગવાનને ન ઓળખવાથી ભગવાનમાં પ્રેમ થતો નથી. ભગવાનમાં પ્રેમ ન થાય એટલે પુત્રમાં , પત્નીમાં, ધનમાં ને ખાવામાં-પીવામાં ને કપડામાં પ્રેમ થાય છે. ને એ પ્રેમથી વારંવાર જન્મે ને વારંવાર મરે છે. જો ભગવાનનું જ્ઞાન થાય તો ભગવાન જ ગમે બીજું કંઈ ગમે જ નહીં. તો ત્રણ વાત યાદ રાખો **ભગવાન સત્યં, શિવમ્, સુંદરમ્ છે.** દ્રઢ કરી લ્યો કે સત્ ગમે કે અસત્ ગમે ? તમને સુંદર ગમે કે અસુંદર ગમે ? કલ્યાણ ગમે કે અકલ્યાણ ગમે ? એટલે પરમાત્મા સત્યમ્, શિવમ્, સુંદરમ્ છે એટલું જો યાદ રાખો તો પ્રભુ સિવાય બીજું ગમે જ નહીં પછી તમને વિષય રસ ફિક્કો લાગે એટલે મીરાંબાઈની જેમ દ્રઢ થઈ જાય કે..

**"સંસારીનું સુખ એવું જાંજવાનાં નીર જેવું,**
**તેને તુચ્છ કરી ફરીએ રે, મોહન પ્યારા....**
**સંસારીનું સુખ કાચું, પરણી ને રંડાવું પાછું;**
**એને ઘેર શીદ જઈએ રે, મોહન પ્યારા....**
**પરણું તો હું પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;**
**રાંડવાનો ભય ટાળ્યો રે, મોહન પ્યારા....**
**મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી;**
**હવે હું તો બડભાગી રે, મોહન પ્યારા....**
**મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા....**
**મુખડું મેં જોયું તારું, સર્વે જગ થયું ખારું;**
**મન મારું રહ્યું ન્યારું રે, મોહન પ્યારા...."**

એટલા માટે ભગવાનનું જ્ઞાન દ્રઢ કરવું. આત્મજ્ઞાન દ્રઢ કરવુ. ભગવાનની ભક્તિ પણ વધારે થશે તો મુક્ત થઈને ફરશો. આ ભાગવતનું જ્ઞાન હૃદયમાં દ્રઢ કરવું. આગળ ધર્મનાં લક્ષણો રાજા પૂછે છે. નારદજી આગળ ધર્મનાં સુંદર લક્ષણો બતાવે છે. ભગવાનની કૃપા હશે તો આગળ શ્રવણ કરીશું.

**(વધુ આવતા અંકે)** ૨૫૬

## પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજ, વેદાન્તાચાર્યશ્રીનો ૨૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ચમારડી

ધ્રુવી વિપુલભાઈ સોનાણી (રતનપર)

### ■ પ. પૂ. દક્ષિણામૂર્તિ પીઠાધીશ્વર મહામંડલેશ્વર સ્વામીશ્રી પુણ્યાનંદ ગિરીજી મહારાજ

ગુરુ ભક્તિ સામને દિખાઈ દે રહી હૈ. મે મહિના પૈતાલીસ કે ઉપર ગરમી. ચોબીસ સાલ સે લગાતાર ચાર બજે સે છે બજે તક ગુરૂજી કો સ્મરણ કરકે જો આપ ધૂપ મેં ઈતની બડી શોભાયાત્રામે ખડે થે. એ આપ કી ગુરુ ભક્તિ હૈ. ઔર કોઈ ગુરુ એસે ગુરુ નહિ બન જાતે યાદ કરો આજ સે પચાસ સાલ પહેલે બનારસ કે અંદર જો મહાત્મા અધ્યયન કરને જાતે થે ઉનકો કોઈ સુવિધા નહિ મિલતી થી. બાકી તો જાને દો રાતકો પઢને કે લિએ જો બિજલી તક કી સુવિધા નહિ થી. કેરોસીન તેલ કે છોટી સી બત્તી જલાકર કે કમરે મેં બૈઠ કે અધ્યયન કીયા કરતે થે. કમરે મેં પંખે ઈત્યાદિ કી સુવિધા નહિ થી. ઔર સ્વામી અખંડાનંદજી મહારાજને જહાઁ અધ્યયન કીયા બનારસ મેં દક્ષિણામૂર્તિ મે યે જો કમરે થે ઉસમે પંખા તો જાને દો ક્રોસવેન્ટીલેસન કી ભી વ્યવસ્થા નહિ થી. બસ ચારો ઔર દિવાલ. એક દરવાજા એક સાઈડ ખિડકી યહી બેઠકે ઉન્હે અધ્યયન કરના હૈ ઔર પ્રાતઃકાલ ભગવાન કી આરતી નિત્ય કર્મ સમાપ્ત કરને કે બાદ ઝોલા લે કે નિકલ પડતે થે. કાશી કે એક ગલી કે અંદર જાઓ તો એક વિદ્યાલય મે એક વિદ્વાન હે ઉસકે પાસ વહાઁ સે નિકલો દૂસરે કે પાસ, વહાઁ સે નિકલો તિસરે કે પાસ, વહાઁ સે લૌટ કે આઓ તો દક્ષિણામૂર્તિ મેં ગ્યારહ બજે ભોજન કી ઘંટી બજતી થી. યદિ પાંચ મિનિટ પહલે આ કરકે વો જો બગીચે મેં બેઠકે પ્રતિક્ષા કરતે થે કી કબ ઘંટી બજેગી ઈસકે બાદ ભોજન. તબ ભોજન કી વ્યવસ્થા ભી ઈતની અચ્છી નહિ થી. બડા નામ થા દક્ષિણામૂર્તિ મઠ મેં દાલ કે અંદર ડૂબકી લગા કે દેખો તો એક જીરા ભી પકડ મે ના આવે. આપને તો ઔર યહાઁ તક કી દાલ, ચાવલ કે અંદર પડ જાયે તો ચાવલ ઔર સફેદ હો જાયે. વહાઁ કોઈ મસાલા નહિ હૈ. બડે નિયમ સે એક બાર રોટી ચલેગી, એક બાર ચાવલ ચલેગી, એક બાર દાલ આયેગી વો ભી દાલ જૈસા હૈ વેસા. લેકીન યે તપસ્યા કરકે ઉન્હોને વેદાંતાચાર્ય પરીક્ષા પાસ કી. જીસ મેં હમસે પૂર્વ હમારે ગુરુ સ્થાની હે શ્રીકૃષ્ણાંજી મહારાજ ભી સાથ મેં હુઆ કરતે થે. કઈ બાર વો બગીચે મેં બેઠકર બોલતે થે કી યે તપસ્યા કબ તક ચલેગી પતા નહિ. બારહ સાલકી યે કઠિન તપસ્યા કરને કે બાદ ગુરૂજી કે સ્થાન મેં જબ સ્વામી અખંડાનંદજી મહારાજ બૈઠે. સ્વામી કૃષ્ણાનંદજી મહારાજ સે મીલને એક બાર આયે તો બોલે સ્વામીજી આપ ઔર હમ સાથ મેં પઢતે રહે. એક સાથ પઢને કે લિએ જાતે થે ઔર આજ ગુરુજીને મુજે આચાર્ય પદ પર બૈઠા દિયા ઔર આપ નિચે બેઠ રહે હૈ. હમકો અચ્છા નહિ લગ રહા હૈ. ઈસલિયે હમ જેસે પહેલે થે વૈસે હિ અભી અભી રહના ચાહતે હૈ. આપ કી બિરક્ત પરમપરા હૈ આપકી પરમપરા મેં કોઈ મહામંડલેશ્વર બના નહિ. લેકીન આપ મેરી સહાનુભૂતિ કે લિયે કૃપા કરકે યે નિરંજન અખાડે મેં આપ મહામંડલેશ્વર બનીયે. ઐસા કૃષ્ણાનંદજી મહારાજને કહા તો ઉન્હોને સ્વીકાર કિયા. ક્યૂકી હમ સાથ મેં થે ઔર આપ નીચે બૈઠે, હમ ઉપર બૈઠે હમકો અચ્છા નહિ લગા. હમે યે પદ કી જરૂરત નહિ લેકીન આપ કહતે હો તો હમ સ્વીકાર કરતે હૈ. ઈસ પ્રકાર કિસીકે મિત્રતાપૂર્વક કીયે જાને વાલે, વિનયપૂર્વક, અનુનય ઉસકો સ્વીકાર કરકે મહામંડલેશ્વર બને. વાસ્તવ મેં ઉનકો ઈસકી જરૂરત નહિ થી. ઔર કઈ લોગોને કહાઁ સ્વામીજી આપ અખાડે કે મહામંડલેશ્વર બને. આપ કૌન સા સ્થાન આપ અખાડો કો દોગે. ઉન્હોને કહાઁ મેરે પાસ તો અપના હી કુછ નહિ હૈ. જો હે સારે ભક્તો કા હૈ. હમ તો કેવલ સ્વામીજી મહારાજ કે કહને સે યે ચદર ઓઢ કર બૈઠે હે હમે ઈસકી કોઈ જરૂરત નહિ હૈ. અચ્છા હમારા તો

મુખ્ય લક્ષ્ય હી યહી હૈ કે વૈદિક સનાતન ધર્મકા પ્રચાર, પ્રસાર ચલતે રહના ચાહિએ. આપ બિચાર કરકે દેખો ખાણ સે પત્થર નિકાલા જાતા હૈ ઔર પથ્થર કો કારીગર એક આકાર દેને સે પહેલે નકશા બનાતા હૈ. નકશા બનાને સે પહલે પથ્થર પર રેખા ખીંચતા હૈ ઔર રેખા ખીંચને કે બાદ જહાઁ પર જો આકૃતિ દેના હૈ ઉસકો ઉપર પડે હુએ આવરણ કો નીકાલ ને કે લિએ છીની હથોડી સે ઉસી પથ્થર કે ઉપર બેઠ કે કુટ-કુટ કરતા રહતા હૈ. ઔર છ-સાત મહિને કે બાદ પથ્થર ભગવાનકી મૂર્તિ બન જાતી હૈ. ઔર ભગવાન કી મૂર્તિ બનને કે બાદ ઉસકો લે જાકર કે અનેક સંસ્કાર કરને પડતે હૈ. કિતને દિન જલ કે અંદર રખો, ઈતને દિન અન્ન કે અંદર રખો. ઈતને દિન વસ્ત્ર મેં રખો. ઈતને દિન પુષ્પાદિવાસ કરો, ઈતને દિન સયાદિવાસ કરો, ધ્રુતાદિવાસ કરો, વૈદિક મંત્રો ઉચ્ચારણ કરકે બડે વિધિવિધાન સે ફિર નગર પરિક્રમા કરાઓ. ફિર ભગવાન કે સ્થાન મેં લે જાકર કે જબ પ્રતિષ્ઠા કી જાતી હે. યે મૂર્તિ ભગવાનકી મૂર્તિ કહલાતી હૈ ઔર સારી દુનિયા ઉનકે દર્શન કરને આતી હૈ. લેકિન એક બાત યાદ રખના યે મૂર્તિ ભી સ્થાયી નહિ હોતી. યદિ સ્થાયી હોતી તો ચારસો સાલ પર્યંત અયોધ્યા મેં ભગવાન રામ જન્મભૂમિ મેં મૂર્તિ નહિ રહી. અબ જાકે સ્થાપિત હુઈ હૈ. ઈસકા મતલબ હૈ ઈતની વિધિપૂર્વક સ્થાપના કરને કે બાદ ભી યે મૂર્તિ મેં સ્થાયીત્વ નહિ હૈ. લેકિન યહાઁ દેખો ગુરુ શિષ્ય કો ક્યા બતાતા હૈ-

**ન જાયતે મ્રિયતે વા કદાચિ**
**ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ**
**અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો**
**ન હન્યતે હન્યમાને શરીરે ।।૨૦।।**

તુમ જીસ શરીર કે અંદર આયે હો ઉસકા મહત્વ તો સમજો યે શરીર કોઈ સાધારણ નહિ હૈ. પૂરે સંસાર મેં પંચમહાભૂત કહે જાતે હૈ. આકાશ, વાયુ, તેજ, જલ ઔર પૃથ્વી. ઔર આકાશ ભી અધૂરા હૈ. આકાશ મૈ કેવલ શબ્દ ગુણ હૈ. આકાશ કો કોઈ છુકર કે, સ્પર્શ કરકે પતા નહિ લગા શકતા હૈ યે કૈસા હૈ. ઉસસે જ્યાદા ગુણોવાલા વાયુ હૈ - વાયુ ને શબ્દ ભી હૈ ઔર વાયુ મેં સ્પર્શ ભી હૈ તો ભી વાયુ અધૂરા હૈ પૂર્ણ નહિ હૈ. વાયુ કે બાદ તીસરા હે અગ્નિ. અગ્નિ કે અંદર ઉસકા સ્પર્શ હૈ. અગ્નિ કે અંદર શબ્દ ભી હૈ ઔર અગ્નિ કે અંદર રૂપ અપના વિશિષ્ટ ગુણ હૈ, વિશિષ્ટ ગુણ હૈ, ઈસકે બાદ ભી અગ્નિ પૂર્ણ તત્વ નહિ હૈ અધૂરા હૈ, અગ્નિ કે બાદ અગ્નિ સે ઉત્પન્ન હોનેવાલા જો જલ તત્વ હૈ જલ કે અંદર આપ દેખો જલ મેં શબ્દ હે જબ પાની-પાની લગતા હૈ તો કલ-કલ આવાજ આતી હૈ. જલ કે અંદર સ્પર્શ હે જબ છુઓ તો આપકો શીતલતા કી અનુભૂતી હોતી હે સાથ મેં જલ મેં રૂપ હે ઉપર આકાશ મેં ઉછાલો બિલકુલ સફેદ સ્વચ્છ દિખાઈ પડતા હૈ ઔર જલ મેં દેખોગે તો એક અપના વિશેષ ગુણ હૈ. ઉસમેં રસતત્વ હૈ ઔર ઉસકે બાદ ભી એ જલ પૂર્ણ નહિ હૈ, અધૂરા હૈ. ઈસકે બાદ આઓગે જલ કે દ્વારા બના હુઆ યે જો પૃથ્વી હૈ યે પૃથ્વી કે અંદર આકાશ કે શબ્દ ગુણ એકરૂપ નહિ અનેક રૂપ મેં વિદ્યમાન હૈ. પૃથ્વી મેં આને કે બાદ યાતો પ્રાણી કે મર જાને કે બાદ ઉસકે અંદર સે નિકલને વાલી જો ચમડી હૈ વો ભી મૃદંગ કહલાતા હૈ ઔર જબ મૃદંગ બજાનેવાલા જબ બડિયા બઝાતા હૈ. મનુષ્ય કો મુગ્ધ કરને લગતા હૈ. યે પૃથ્વી કા ચમત્કાર હૈ. આકાશ ભી વો શબ્દ એસે નહિ બનતા પૃથ્વી કે સાથ આકર કે વિશિષ્ટ રૂપ મેં જબ ના આવે ઈસલિયે શાસ્ત્રકારોને એ કહાઁ પાંચો ભૂતો મેં સારે ભૂતો કા જો સાર હૈ પૃથ્વી હૈ. પૃથ્વી મેં એસા દિવ્ય શબ્દ હે તંત્રવાદ્ય હૈ, મૃદંગવાદ્ય હૈ અનેક પ્રકાર કે ધાતુ કે દ્વારા બજનેવાલે વાદ્ય હૈ. ઔર વે સબ વાદ્ય પૃથ્વી કે અંદર વિશિષ્ટ શબ્દ બનકર કે ઉત્પન્ન હોતે હૈ, ઔર ઈતરિ વાયુ કે ગુણ પૃથ્વી કે અંદર દેખો. જીસ સમય બારિશ હોને લગ જાયે. હરે-ભરે પેડો કે અંદર સે સરસરા કે હવા ચલને લગતી હૈ. ઈસ હવા મેં ઔર સાધારણ હવા મેં બડા અંતર હૈ. ઔર સ્પર્શ કે સાથ-સાથ પૃથ્વી કે અંદર એક નહિ અનેક પ્રકાર કે સ્પર્શ હૈ રૂઈ કે નરમી અલગ દેખો, ગુલાબ કી કોમલતા અલગ દેખો, પથ્થર કી કઠોરતા અલગ દેખો, માને એક

વાયુ કે સ્પર્શકો અનંત રૂપો મેં પરિણત કરકે પૃથ્વી આપકે સામને ઉપસ્થિત કરતી હૈ, યે જો વાયુ કા સાર પૃથ્વી કે અંદર દિખાઈ પડતા હે, તેજ કા સાર તો દેખતે હી... અગ્નિ જો એક હી રૂપ હૈ સુવર્ણ કે સમાન જગમગતા હુઆ લેકીન ઉસ અગ્નિ કો આપ છુ નહિ સકતે. ઉસી અગ્નિ કે રૂપ કો પૃથ્વીને કિતને રૂપ મેં પરિણત કિયા સંસાર મેં કિતને ફુલ હૈ, કિતને પત્તે હૈ, સંસાર મેં કિતની હરિયાલી હૈ ઔર સંસાર મેં કિતને પ્રકાર કે રૂપ, રંગ કે પ્રાણી જગમગાતે હે યે સારી ચીજે કયા હે અગ્નિ કે અંદર કે રૂપ કો પૃથ્વી ને કિતને રૂપો મેં વિકસીત કિયા ઔર ઈતના હિ નહિ જલકી સરસતા, પાની મેં કેવલ માધુરિયમાત્ર શાસ્ત્રકારોને કહાઁ જલ કે અંદર મધુરિ રસ હે લેકીન યહી રસ પૃથ્વી કે અંદર આ કરકે દેખો તો મિશ્રીકી મીઠાશ અલગ ઔર ઈમલી કી ખટાશ અલગ ઔર નીંબુ કી ખટાશ અલગ ઔર યે સારી ચીજે કહાઁ તક આપકો બતાવે અરે ગુજરાતી દાલ કે અંદર તો ઈમલી ભી હૈ, ગુડ ભી હૈ, હવે મળશે કોકમ ભી હૈ, ગુજરાતી દાલ મેં તો ગજબ કિતને પ્રકાર કે મસાલે ડાલતે. હમ દિલ્લીવાલો કો બહુતબાર બોલતે હૈ ખાના બનાના શીખના હો તો ગુજરાત ઘુમતે આઓ. તુમ લોગ ખા ભલે લેતે હો, પૈસા ભલે ખર્ચા કરતે હો લેકિન બનાના તુમકો નહિ આયેગા. હમને કિસકો પૂછા તુમકો દાલ-ઢોકલી બનાના આતા હૈ? દિલ્લીવાલે બોલતે હૈ હમને તો નામ ભી નહિ સુના. ઔર યે સારી ચીજે જલ કી રસ કી વિવિધા દેખો પૃથ્વી મેં આકર કે કિતને રૂપો મેં પરિવર્તીત હુઆ ઈસકે બાદ ભી યે ભી પૂર્ણતા નહિ હૈ અબ. ઔર પૃથ્વી કે અપને ગંધ હૈ ઔર પૃથ્વી કા ગંધ એક હિ ગંધ માના જાતા હૈ લેકિન ગંધ-સુગંધ ઔર સુગંધ કે કિતને ભેદ હૈ કેસર દેખો અલગ, કસ્તુરી દેખો અલગ, મોગરા દેખો અલગ, ગુલાબ દેખો અલગ ઔર હર પ્રકાર કે મસાલે કે અંદર કિતની સારી સુગંધીત પદાર્થે છિપી હુઈ હૈ ઔર યે પાંચગુણ વિશિષ્ટ જો પૃથ્વી હે યે પૃથ્વી ભી અધૂરી હૈ. કારણ ક્યા હૈ યે સ્વયં બોલતી નહિ હે ઔર યે પૃથ્વી કા જો સાર ઔર ક્યા ચીજ હે તો બોલે **'ભૂતાનામ પૃથ્વી રસ પૃથીવ્યા માપુરસ'** પૃથ્વી કા સાર પૃથ્વી કા રસ હૈ. ઉસ રસ કા સાર ક્યા હે તો યે સાર અન્ન બન જાતા હૈ ઔર યે અન્ન ભી પૂરા નહિ હે અધૂરા હૈ. અન્ન સ્વયં અધૂરા હૈ, ક્યોંકિ આપ બોરી મે ગેહૂ ભરકર કે ઉસકો બોલો તુ આગે-આગે ચલ હમ પીછે-પીછે આતે હૈ-ચલેગા? ઔર ગેહૂ સે કહો કી તુ ચક્કી મેં જાકર સ્વયં પીસકર કે સ્વયં લોટ બનકર કે હમારે પાસ આઓ- નહિ આયેગા. ઉસકો ઉઠાના પડતા હૈ. ઈસી લિયે યે જો પૃથ્વી કા સાર હૈ ઉસકા રસ હૈ, રસ કા સાર અન્ન હૈ, અન્ન કા સાર ક્યા હૈ? અન્ન કા સાર હૈ પરમાત્મા કી ક્રિયા સે અન્ન ખા કરકે માતા-પિતાને આપકો જો જન્મ દિયા હૈ. યે અન્ન કા સાર હૈ. **પુરુષસ્ય યે જો ભૂતાનામ પૃથ્વીરસ પૃથ્વીવ્યા માપુરસ અન્નમ્ ઔષધયોરસ ઔષધીનામ્ પુરૂષ** યે જો ઈતને સત્તર સે લેકર કે એક સો તીસ કિલો વજન કા શરીર લેકર કે જો મનુષ્ય ચલતા હૈ યે શરીર કા વજન હમારા સ્વરૂપ નહિ હે. ઈસકો ચલાનેવાલા, ઈસકો ઉઠાનેવાલા, ઈસકો દિખાનેવાલા, ઈસકો ઉદ્દેશતક પહુચાનેવાલા, ઈસકે અંદર અનેક પ્રકાર કી ક્રિયા-કલા કરાનેવાલા યે પુરૂષ પૂરી શયનાત પુરૂષ કહા જાતા હૈ. હૃદય કે અંદર શયન કરતા હૈ ઔર ઈતને બડે સંસાર કો લેકર કે ચલતા હૈ ઔર લેકર કે ખાલી ચલતા નહિ ઈસકે અંદર આનેવાલે સંસ્કાર કભી નષ્ટ નહિ હોતે. હંમેશા બને રહેતે હૈ. આપ ચોબીસ સાલ સે લગાતાર નિર્વાણ મહોત્સવ મનાયે જા રહે હો. આપ હર સાલ જીતની બાર આપને મનાયા હર ચીજ આપકો યાદ હૈ. યદિ યાદ રહેગા યેસા નહિ હૈ. જન્મો-જન્માંતર તક યે સંસ્કાર આપકા આગે ચલતા રહેગા. યે પુરૂષ માને આપકે અંદર કી જો આત્મા હૈ યે પૃથ્વી કા ભી, અન્ન કા ભી સાર હૈ, **ભૂતાનામ્ પૃથ્વીરસ પ્રથીવ્યામ્ માપુરસ. અન્નમ ઔષધયોરસ ઔષધીનામ્ પુરૂષોરસ પુરૂષસ્ય** ઔર સંસાર મેં કિતની સારી સીજે હૈ, સોને કી મૂર્તિ ભી હો સકતી, મારબલ કી મૂર્તિ ભી હો સકતી, લકડી કી મૂર્તિ હો સકતી હૈ, ચાંદી કી મૂર્તિ હો સકતી હૈ, લેકિન કોઈ ભી મૂર્તિ આપકે સામને બોલકરકે નહિ સુનાએગી. આપ

ભોગ લગાઓ લેકરકે વાપસ આઓ. ભગવાનને થાળી ધરાવો બોલતે હૈ. મતલબ ક્યા હૈ, થાલી લેજાકરકે ધરો ઔર લેકરકે વાપસ આયા. પ્રસાદિ આપકો હિ મિલનેવાલી હૈ. ભગવાન નહિ ખાતે ઔર યહાઁ દેખો યે દેખતા ભી હૈ, બોલતા ભી હૈ, સુનતા ભી હૈ, ચલતા ભી હૈ, જન્મ લેતા હુઆ સા લગતા હૈ, લેકિન સદ્ગુરુ કે પાસ જબ આપ જાઓગે યે કહેંગે યે જન્મ જો તુમ્હે દિખાઈ દેગા તો જન્મ તુમ્હારી ભ્રાંતિ હૈ. જન્મ જ્ઞાન ભ્રાંતિ હૈ. જન્મ ભ્રાંતિ નહિ હૈ. આધ્ય શરીર પ્રાણ સંયોગુ જન્મ જો કહા જાતા હૈ. યે ભ્રાંતિ હૈ યે પુરૂષ જન્મ નહિ લેતા હૈ યે જીસ-જીસ શરીર કે અંદર જાકર અપના વૈભવ પ્રગટ કરતા હૈ. વો અપના સંસાર મે અપને વૈભવ કો દિખાતા હૈ. ઔર યે દિખાનેવાલા કૌન હૈ? વો પરમાત્મા હિ જીવાત્મા બનકર કે આપકે શરીર કે અંદર મિલશીત હોકર કે આયા. આયા કિસલિયે ઉસ અખંડ આનંદ તત્વ કે જ્ઞાન કે લિયે આયે ઔર ઉસકો જાને બિના યદિ હમ આયે યે સંસાર મેં ઉપનિષદો કે અંદર ઐસી બાતે આઈ કી કૌન કૃિપણ હૈ દુનિયા મેં. કૃિપણ માને કંજૂસ ક્યા બોલતે હૈ-કંજૂસ બોલતે હૈ ના? મતલબ ક્યા હોતા હૈ? કંજૂસ માની લોભી. હા, આપકે ગુજરાતી નીંબુ (લીંબુ) બહુત બઢીયા હોતા હૈ. બડા-બડા હોતા હૈ ઔર નીંબુ (લીંબુ) કી વિશિષ્ટતા જાનતે હો. હમ નીંબુ બોલો ગુજરાતીમાં શું કહેવાય. નીંબુ છોટા અચ્છા હોતા હૈ યા બડા અચ્છા હોતા હૈ- બડા અચ્છા હોતા હૈ ને નીંબુ ઔર નીંબુ અપને આપ રસ નહિ દેતા હૈ ઉસકો બીચ મેં સે કાટના પડતા હૈ ઔર કાટને કે બાદ ગુજરાત કા નીંબુ બડા સા ઔર પૂરા નીચોગે તો દાલ મેં જ્યાદા ખટાશ દે દેગા ઉસકો ચાર હિસા કિયા એક નિચોડા બાકી લે જાકર ફ્રિજ મેં રખ દિયા. લેકિન ડિપફ્રિજર મેં રખોગે તો યે નીંબુ ભી સુખ જાતા હૈ બાદ મેં ખુદ દબાના પડતા હૈ. ઈસીલિયે લોગોને એસા બનાયા નીંબુ, ગન્ના, બનીયા ગલા દબાવે રસ દે સમજ નહિ આયા નીંબુ કાટને કે બાદ ગલા દબાઓ તો રસ દેતા હૈ ઔર ગન્ના (શેરડી) ઉસકો ભી મશીન કે અંદર લે જાકર દબાઓ તો રસ દેતા હૈ. ઔર આપ લોગો તો અધિકાર સે પઢે લોગો કુછ બનીએ ભી હોંગે વો ભી વૈસે પૈસા નહિ નીકાલતા હૈ તમે સમજ્યા. અરે દાન પુણ્ય કરો ઔર કરશો નહિ તો આમ થશે ઓળખી લ્યો. ઈસીકો ઓળખાણ બોલતે હૈ ઔર પંડિતજી બતા દેતે હૈ તમે માર્કસ કી દશા થવાની છે અને આ દશામાં આમ-આમ થવાની છે. વહાઁ સે શરૂ કર દેગા લ્યો પંડિતજી કૃપા કરો કે માર્કસ કી દશા મીટાને કે લિયે ક્યા કરના ચાહિયે. ખૂબ દાન કરને લગેગા તો નીંબુ ભી, ગન્ના ભી, બાનીયા ભી ગલા દાબો તો જાકે રસ છોડતા હૈ નહિ તો નહી છોડતા યે ભી યાદ રખો નીંબુ, ગન્ના, બાનીયા ગલદાવે રસ દે. લેકિન યે નીંબુ ભી જબ ફ્રીઝ મેં અંદર રખતે રખતે જબ સુખને લગતા હૈ તો ઉસકે અંદર સે રસ નહિ આતા. લેકિન યે રસ કોઈ ખાસ રસ નહિ હૈ. ઔર જો આપ ગુરુ કે શરણ મેં જાતે હો તો ક્યા બતાતા હે જાનતે હો -

**રસોવૈસારસો વૈસા ... લબ્ધવા આનંદિ ભવતિ**

વાસ્તવ મેં અસલી રસ તો તુમ્હારે હૃદય કે અંદર વિદ્યમાન હૈ ઉસકા નામ હે આનંદ રસ. ઔર ઈસી આનંદ કો ગુજરાતી મેં રસ બોલતે હૈ ઔર જહાઁ-જહાઁ થોડે-થોડે આનંદ કી અનુભૂતિ હોવે ગુજરાતી ભાષામાં કહતે હૈ- સરસ મજાની વાત છે. હે સરસ અને આનંદ કે સહિત. રસ માને આનંદ રસેનસહિત ઈતિ સર, સરસ મજાની ખાવાની, સરસ મજાની જોવાની, સરસ મજાની માને સબ કુછ યે રસ માને આનંદ. ઔર યે સંસાર કા જો આનંદ હૈ આજ મિલા કલ નહિ કલ હે તો પરસો નહિ યે સબ સખંડ આનંદ હૈ ઔર જીસ સદ્ગુરુ કે શરણ મેં આપ જાતે હો વો વૈસા બતાયેગા ન જીસને કભી જન્મ લિયા, ન કભી કોઈ બહા હોતા હૈ, ન કભી કોઈ છોટા હોતા હૈ, ન કભી ઘટતા ન બઢતા સદા એક રસ શાશ્વત એક સ્વરૂપ મેં રહનેવાલા અખંડ આનંદ વો તુમ્હારા સ્વરૂપ હૈ ઉસ સ્વરૂપ કા બોધ કરાને કે લિએ હિ પરમાત્મા દેખો ભૂતો કા સાર પૃથ્વી બન ગયા. પૃથ્વી કા સાર અન્ન બન ગયા. અન્ન કા સાર રસ બન ગયા. રસકા સાર પુરૂષ બન ગયા. પુરૂષ કા જો સાર હે સ્વામી

અખંડાનંદજી મહારાજ કે માતા-પિતા ઔર ઉનકા જો સાર હે સ્વામી અખંડાનંદજી મહારાજ ઉનકા જો સાર હૈ ઉનકે દ્વારા જા-જાકર કે કાશી મે કિયે જાનેવાલા વિદ્યા અધ્યયન ઉનકા જો સાર હૈ ઉનકી ગુરુજી કી ભક્તિ ઔર ઉનકા જો સાર હૈ આપકે સમાજ મેં આકર કે ઘુમકર કે ઉન્હોને જો વૈદિક સનાતન ધર્મકા જો જ્ઞાન દિયા જિસ જ્ઞાન ને બિખરે હુએ ઈતને સારે લોગો કો એકત્ર કરકે ઈતને બડે સમાજ મેં હર સાલ આ કરકે એકઠા કરતે હૈ યે સબસે બડા અખંડ - આનંદ હૈ યે અખંડઆનંદ કભી તુટનેવાલા નહિ યે યાવતચંદ્ર દિવાકર જબ તક સૂર્ય, ચંદ્ર આકાશ મેં હૈ તબ તક યે આપકા આનંદ ઈસી તરહ બના રહે ઔર ઈસી આનંદ મેં આપ લોગ મગ્ન રહો યહિ હમારી શુભકામના હમારે જગદીશાનંદજી મહારાજ યે તો સાક્ષાત જગદીશ હૈ મેં બોલતા હુ કહી બાર સ્વામીજી મઈ 'મે' મહિને મેં મુજે મત બુલાઈએ બહુત ગરમી હોતી હૈ- ઔર સ્વામીજી તો સુનતે હિ નહિ વો તો બોલે - આપકો આના પડેગા ટિકટ બન ગયા કી નહિ. હમ બનાયે કા આપકા. બીજી વાત કરવી જ નથી. પછી શું કરા? ઈતને પ્રેમ સે કોઈ બુલાયે તો ના કહેવાય. આવવુ જ પડે. પછી શું શું રસ્તો જ નથી. ઈસીલિયે હમ ભી ઈસ અખંડાનંદ ઉત્સવ કે અંદર આકર કે યહાઁ આને કે બાદ હમે બુરા નહિ લગતા બડા અચ્છા લગતા હૈ ઔર હમ યહાઁ સે દિલ્લી જાકર સબકો બતાતે યદિ નહિ ગયે હોતે તો હમ પછતાતે. ક્યૂંકિ યે આનંદ અખંડ આનંદ હૈ ઐસે આનંદ કે રસ મેં આપ ભી મગ્ન હમ ભી મગ્ન. સભી અબ થોડા સ્વામીજી મહારાજ જો માધવપીઠાધીશ્વર ઉનકી ભી બાત થોડી સુનલે તે હૈ સુનકર કે અગલે સાલ ફિર પ્રતીક્ષા કરેંગે. ■

## તત્વબોધ

લતાબેન એ. માંગુકિયા
(દડવા, રાંદલના)

ગતાંકથી ચાલુ...

સદ્‌ગુરુના શરણમાં કોટિ કોટિ વંદન આગળ ત્રણ સાધન વિષે જાણ્યું. વિવેક, વૈરાગ્ય, શમદમાદિષટ્ સમ્પતિ. હવે ચોથુ સાધન હવે ભગવાન શંકરાચાર્ય બતાવે છે. મુમુક્ષતા.

**मुमुक्षत्वं किम मोक्षा मे भूया**

મને મોક્ષની પ્રાપ્તિ હો એવી દૃઢ ઈચ્છાને મુમુક્ષતા કહેવાય છે. કોઈ માણસનું માથુ જોરથી પકડીને પાણીમાં ઝબોળીએ ત્યારે તેને આપણી પકડમાંથી છૂટીને શ્વાસ લેવાની જે તીવ્ર ઈચ્છા થાય છે. તે પ્રમાણે સાધન કે શિષ્યને માયા અને માયાના બંધનમાંથી છૂટવાની ઉત્કટ ઈચ્છા એ થાય તેને મુમુક્ષતા કહેવાય. ઉપરાંત ચાર સાધનોને સાધન ચતુષ્ટ કહેવાય છે. ચાર સાધન જેણે જીવનમાં ધારણ કર્યા છે. તે વ્યક્તિ જ તત્વવિવેકના અધિકારી ગણાય છે. તત્વ વિવેક એટલે શું આત્મા પરમાત્મા સત્ય છે. એથી ભિન્ન સમસ્ત વિશ્વ મિથ્યા છે. સાધન ચતુષ્ટમાં નિત્યાનિત્ય વસ્તુ વિવેકનો નિર્દેશ કર્યો છે. જેમ કલ્પીત સર્પમાં રઝજુનું જ્ઞાન થતા નથી ત્યાં સાપ રહેતો કે નથી ભય. કારણ કે જો ભય કલ્પના આધારીત હતો અધિષ્ઠાનના જ્ઞાનથી બાધીત થતી કલ્પિત વસ્તુ મિથ્યા કહેવાય છે કાર્ય જગતનો નાશ થતો જણાય છે. આમ, નિત્યાનિત્ય વસ્તુનો વિવેક ભિન્ન સત્ય અને મિથ્યાના વિવેકને ગ્રંથકાર તત્ત્વ વિવેક કહે છે. જે સત્ય પરમાત્મા આત્માના ત્રણે કાળમાં બાધ ન થાય તેને સત્ય કહેવાય છે. આમ આત્મા સત્ય છે તેથી ભિન્ન સંપૂર્ણ વિશ્વ જગત મિથ્યા છે. જે મુમુક્ષ મંદ કે મધ્ય હોય તો પણ વૈરાગ્ય શમસમાદિષટ્ સંપતિ અને ગુરુકૃપાથી તત્વજ્ઞાનનો અધિકારી થાય છે. જે મનુષ્યમાં વૈરાગ્ય ને મોક્ષની તીવ્ર ઈચ્છા છે તે પૂર્ણ રૂપે અધિકારી છે. મોક્ષ કારણરૂપે સામગ્રીમાં ભક્તિ સર્વશ્રેષ્ઠ છે. ભક્તિનું સાચું સ્વરૂપ વાસ્તવિક સ્વરૂપનું અનુસંધાન ભક્તિ છે.

આવા સાધન ચતુષ્ટ સંપન્ન આત્મતત્વનો જીજ્ઞાસુ સ્થીત પ્રજ્ઞ થઈ સદ્‌ગુરુને નજીક જઈ સેવા

સુશ્રુસા કરી ગુરુને પ્રસન્ન કરી ભવબંધની નિવૃત્તિ માંથી છૂટવા પ્રશ્ન કરે. જે ગુરૂ શ્રોત્રિય હોય નિષ્પાપ. કામનાઓથી રહિત બ્રહ્મવેતાઓમાં શ્રેષ્ઠ, બ્રહ્મમાં નિષ્ઠાવાન, ઈચ્છા રહિત અગ્નિની સમાન શાંત અકારણ દયા સિન્ધુ શરણ ગ્રહણ કરનાર સજ્જનોના હિતેષી એવા સદ્‌ગુરુને શરણે જાય, સેવક-વિનંતી વિનમ્ર ભાવે પોતાનું જ્ઞાતવ્ય પ્રગટ કરે અથવા પ્રશ્ન પૂછે. હે સદ્‌ગુરુ આપને મારા નમસ્કાર છે. શરણાગત વત્સલ કરૂણા સાગર હું સંસારમાં ડુબી રહ્યો છું. કૃપા સાગર કરૂણાની મૂર્તિ જે સંસારના બંધનથી છૂટવા અતિ કઠિન છે. સંસાર દાવાનલ સમાન છે. તેથી અતિ ભયભીત કલ્પીત શરાણાગતની મૃત્યુથી રક્ષા કરો. આ સંસાર સાગરને કેવી રીતે તરાય મારી શી ગતિ થશે એનો શું ઉપાય કંઈ નથી. હું જાણતો હે સદ્‌ગુરુ કૃપા કરીને આ સંસાર સાગરમાંથી પાર ઉતરો હવે આગળ ગુરુ ઉપદેશ આપે છે... ક્રમશઃ

## આ શરીર પ્રભુની થાપણ છે.

અમરશીભાઈ પી. ગોળકિયા

પોતાના શરીરનું રક્ષણ તથા પાલન કરવા છતાં પણ તેમાંથી આસક્તિ કાઢી નાખીને - અંતર્મુખ થવા માટે વિચારવું જોઈએ. આ શરીર તો કામ-વિકારોથી પેદા થયેલું છે અને ગંદુ છે. નાશવંત છે અને જૂનું છે. આ તો આસુરી અને તમોગુણી પ્રકૃતિનું છે અને ચામડીથી મઢેલું છે. એક દિવસ સળગીને રાખ થઈ જશે. તો સાવધાન તો તેને સારા કામમાં જોડીને - પોતાનાં તથા બીજાનાં કલ્યાણમાં જોડવું સારું - બીજુ - નહિં તો તે - શું કામમાં આવવાનું છે? આ થાપણ પ્રભુની છે. તો મારે કોઈપણ ઈન્દ્રિય દ્વારા મારે મારા પ્રભુની આજ્ઞા વિરૂદ્ધ કોઈપણ કામ કરવું નથી. અથવા હું તો પરદેશી છું - હું તો પરમાત્માનો છું. એનો અંશ છું- માયા રૂપી આ દેહમાં થોડા સમય માટે આવ્યો છું. તો જાગ્રત થાવ.

મનુષ્યે ઈશ્વર ભજનમાં લાગી જવું જોઈએ. માતા-પિતાએ નાનાં બાળકો ઉપર ધર્મના સંસ્કાર પાડવા જોઈએ. વૃદ્ધાવસ્થામાં દેહની સેવા થાય છે. પણ દેવની સેવા થઈ શકતી નથી. માનવ શરીર ભોગ ભોગવવા માટે મળ્યું નથી. ભગવાનનું ભજન સ્મરણ કરવા માટે મળ્યું છે. કારણ કે, આ નાશવંત શરીરથી નિત્યની પ્રાપ્તિ થાય છે. અનેકવાર જન્મ મરણનો ત્રાસ ભોગવતો-ભોગવતો આ જીવ મનુષ્ય શરીરમાં આવ્યો છે. એટલે મનુષ્ય અવતાર મોંઘો છે.

ઈશ્વર નિત્ય છે. શરીર અનિત્ય છે. છતાં અનિત્યથી-નિત્યની પ્રાપ્તિ થાય છે. માટે મનુષ્ય શરીરનો મહિમા કહ્યો છે. કોડીનાં બદલામાં કરોડ મળે તેવી આ વાત છે..

વૃદ્ધાવસ્થામાં કાંઈ થઈ શકતું નથી. તો થોડા વર્ષ રહ્યાં છે. માટે સાવધાન થઈ આત્માનું કલ્યાણ કરી લેવું જોઈએ. કહ્યું છે કે જ્યાં સુધી આ શરીર રૂપી ઘર સ્વસ્થ છે. વૃદ્ધાવસ્થાનું આક્રમણ નથી થયું અને ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ, આયુષ્યનો ક્ષય નથી થયો ત્યાં સુધીમાં ડાહ્યા પુરૂષોએ પોતાના આત્માનું કલ્યાણ કરી લેવું. નહિતર પછી ઘરમાં આગ લાગ્યા પછી કૂવો ખોદવા જેવી દશા થશે. તો સાવધાન-

ભક્તિ, પ્રેમ એ સેવા વગર સફળ થતાં નથી. આ પ્રેમમાં એવી શક્તિ છે કે નિષ્કામ સકામ બને છે. નિરાકાર સાકાર બને છે. પ્રેમ કરવા લાયક એક ઈશ્વર છે. સેવા કરતાં હૃદય પીગળે અને આંખમાંથી આંસુ નીકળે તો માનજો સેવા કરી આગળ આપણા જ હૃદયનો પ્રેમ મૂર્તિમાં જાય છે ને મૂર્તિ ચેતન બને છે. પ્રેમમાં આવો ચમત્કાર કરવાની શક્તિ છે. તો ખરા દિલથી સેવાના કામ કરવા બગડેલું મન ભગવાનનાં નામ-જપ થી સુધરશે તો રોજ પ્રાર્થના ધૂન ધ્યાન વિગેરે કરતાં રહેવું ને આનંદમાં રહેવું. બસ સર્વોને જય સચ્ચિદાનં. ■

# શિષ્યના સમર્પણનું પર્વ છે - "ગુરુ પૂર્ણિમા"

ભાવનાબેન એન. ગોળકિયા (USA)

અષાઢ સુદ પૂનમનું નામ વ્યાસ પૂર્ણિમા. પડ્યું ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહે છે. આને સૌથી મોટી પૂનમ માનવામાં આવે છે. 'ગુ'. એટલે કે અંધકાર અજ્ઞાનનું અને 'રૂ' અંધકારનો નાશ કરનાર, જ્ઞાનરૂપી પ્રકાશ આમ ગુરૂનો અર્થ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર એવો થાય છે. ભગવાન શિવે ગુરુ વિષે સ્વયં કહ્યું છે-

**ધ્યાન મૂલં ગુરોમૂર્તિઃ પૂજા મૂલં ગુરોઃ પદમ્।**
**મંત્રમૂલં ગુરોવાક્યં મોક્ષ મૂલં ગુરુઃ કૃપા ॥**

ગુરુદેવની ભાવમયી મૂર્તિનું ધ્યાનનું મૂળ છે. તેમના ચરણ કમળ પૂજાનું મુળ છે. તેમના દ્વારા કહેવાયેલાં વાક્ય મૂળ મંત્ર છે. તેમની કૃપા જ મોક્ષનું મૂળ છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું પદ સર્વોચ્ચ માનવામાં આવ્યું છે. ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાન કહ્યા છે. જીવનમાં શિક્ષણ આપનાર પણ ગુરુ-પરંતુ જીવન, વિદ્યા અને આધ્યાત્મ પ્રદાન કરનાર ગુરુનું મળવું બહુજ મુશ્કેલ હોય છે.

ગુરુનો મહિમા અનંત છે. તેમનું થોડુક પણ સાંનિધ્યય જીવાત્માને સદ્ગતિ પ્રાપ્ત કરે છે. ગુરૂ જ એક માત્ર એવા નાવિક છે કે જે આ સંસાર સાગરથી જીવાત્માને પાર ઉતારી શકે છે.

આ કારણે સંત-કબીરદાસજી કહે છે...

**તીરથ નાહાયે એક ફલ, સંત મિલે ફલ ચાર।**
**સદ્ગુરુ મિલે અનંત ફલ, કહત કબીર વિચાર॥**

ગુરુકૃપા મેળવવા માટે ગુરુ પ્રત્યે શ્રદ્ધા અત્યંત જરૂરી છે તથા તેમણે બતાવેલા માર્ગ પર દૃઢતાપૂર્વક આગળ વધવામાં આવે તો ગુરુની કૃપા નિરંતર મળતી રહે છે. ગુરુની કૃપા અને શિષ્યનું સમર્પણ એ બંને જો ભેગા મળે તો શિષ્યના જીવનનું સંપૂર્ણ રૂપાંતર થઈ જાય છે. ગુરૂ શિષ્યનો સંબંધ એ આત્માનો સંબંધ છે. બસ એજ રીતે આપણે ગુરુ જીવનને સમજી શકતાં નથી. તથા ઉન્નતિ કરી શકતાં નથી.

**ગુરુ શિષ્ય માટે ભગાવન જ છે.**

જ્ઞાન, ધ્યાન, ચેતના, ચિંતન, સંસ્કાર, વિચાર. દેશ, વિશ્વ, વાતાવરણ, પ્રકૃતિ, ભક્તિ, મુક્તિ વગેરે તમામ બાબતોને જાણવા માટે ગુરુની જરૂર પડે છે.

**ગુરુ ગોવિંદ દોઉ ખડે, કિસકો લાગો પાય ।**
**બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય ॥**

ગુરુ અને ગોવિંદ બંને ઉભા છે. કોને પ્રથમ પ્રણામ કરું? બલિહારી ગુરુજીની છે. જેમણે ગોવિંદની ઓળખાણ કરાવી છે.

ગુરુ એ સેતુ છે. જેના પર ચાલીને શિષ્ય-પરમાત્મા સુધી પહોંચી જાય છે. સાંસારિક સંબંધ એ છે કે જે શરીર અને મનના રાગ-દ્વેષ સુધી જ સીમીત છે. જ્યારે આત્મિક અને આધ્યાત્મિક સંબંધ એ છે કે શરીર અને મનના સાથે. આગળ આત્માની ઉન્નતિ, પ્રગતિ અને મુક્તિ સાથે છે. પણ સંબંધિત હોય છે... તો ગુરુપૂર્ણિમા - ૨૧ જુલાઈ - તસ્મૈ શ્રીગુરવે નમઃ- ગુરુ બિન ભવનિધિ-તરહિ ન કોઈ-

**ગુરૂપૂર્ણિમા આધ્યાત્મની ઉન્નતિનું પર્વ :** ગુરુના દર્શન એટલે પ્રત્યક્ષ પ્રભુના દર્શન. ગુરુ એટલે સત્, ચિત્, આનંદનું સ્વરૂપ તો આગળ દત્તાત્રયે ૨૪ ગુરૂ કર્યા હતા.

મારી દૃષ્ટિએ જેમની પાસેથી શાંતિ મળે તેજ ગુરુ સદ્ગુરુમાં સચ્ચિદાનંદ પૂર્ણ બ્રહ્મની અનુભૂતિ થાય છે. ગુરુના દર્શન એટલે સત્, ચિત્ અને આનંદનું સ્વરૂપ.

**તસ્મૈ શ્રી ગુરવે નમઃ** ભક્તિ અને સત્સંગ કરવાનું મહાપર્વ, ચાતુર્માસ આગળ - ૧૦ જુલાઈથી ચાતુર્માસનો પ્રારંભ.

અષાઢ-શ્રાવણ-ભાદવો અને આસો - આ ચાર માસને - હિન્દુ ધર્મમાં સૌ ચાતુર્માસ તરીકે ઉજવે છે. આમાં ઘણા બધા તહેવારો આવે છે - ઉત્સવો કરીએ છીએ - દર્શન, ભજન, પ્રાર્થના, કથા, કીર્તન, આદિ કાર્યક્રમો યોજાય છે. તો સર્વોને મારા જય સચ્ચિદાનંદ.

## જીવનમાં ભક્તિ કેવી હોવી જોઈએ ?

પીનલ એચ. પટેલ (ચમારડી)

જીવનના વિવિધ માર્ગ હોય છે. (૧) જ્ઞાન માર્ગ (૨) કર્મ માર્ગ,. જેમ જ્ઞાન માર્ગ હોય છે. તેમ કર્મમાર્ગ પણ હોય છે. પરંતુ બધાના પાયામાં ભક્તિ હોવી જોઈએ. એવો આપણા 'ગુરુ'નો આગ્રહ છે. મનુષ્યનું ધ્યેય ભક્તિ છે. એનો અર્થ ક્રિયા કરવી નહી, એવો નથી. બધી ક્રિયા કરવાની છે, પણ તેની પછવાડેની ભાવના બદલવાની છે. મોઢું સ્વચ્છ કરવાની સામાન્ય ક્રિયા આપણે કરીએ છીએ પણ તે ભક્તિરહિત હોય છે. મોઢું સ્વચ્છ શા માટે કરવાનું? જે મોઢાથી ભગવાનને બોલવું છે. જે મોઢાથી ભગવાનને ખાવું છે, તે મોઢું મારે સ્વચ્છ રાખવું જોઈએ, તેથી તેને દંતધાવન વિધિ કહીને તે ક્રિયા પાછળની ભાવના બદલવાની છે. સ્નાનવિધિને પણ ભક્તિ ઠરાવી છે. તમે પરોપકાર કરો, તેના પાયામાં પમ ભક્તિ હોવી જોઈએ. પરોપકારના પાયામાં ભક્તિ ન હશે તો તે નકામો છે, એટલે કે તે વિકાસને માટે ઉપયોગી નહિ થાય. તમે દાન કરો અથવા દયા કરો. તો તેના પાયામાં પણ ભક્તિ હોવી જોઈએ. એવો શ્રીમદ્ ભાગવત મહાપુરાણનો આગ્રહ છે.

તત્ત્વવેતાની સામે ત્રીજો પ્રશ્ન ઊભો થાય છે કે, મનુષ્યનું ધ્યેય શું છે? શ્રીમદ્ ભાગવત મહાપુરાણકહે છે કે, મનુષ્યનું ધ્યેય ભક્તિ છે. ભક્તિનો અર્થ જ ન સમજવાને કારણે ભક્તિમાં અકર્મણ્યતા પેઈ થઈ ગઈ છે અને યાંત્રિકતા આવી ગઈ છે.

આજે શું થયું છે? યાંત્રિક ક્રિયાકાંડને આપણે ભક્તિ સમજી બેઠા છીએ. આવી એક ગેર સમજણ ભક્તિની બાબતમાં થઈ ગઈ છે. ભક્તિ કેવળ કૃતિ નથી, ભક્તિ એક વૃત્તિ છે. તે વૃત્તિના બનવું જોઈએ. બધાના પાયામાં ભક્તિ હોવી જોઈએ. ભક્તિનું તત્વજ્ઞાન છીછરું નથી. તે અગતિક અને અસહાય લોકોનું તત્ત્વજ્ઞાન નથી. અસહાય અને અગતિક લોકો જે કરે છે તે ઉપાસના છે. ભગવાનને ચીટકીને બેસવું તેને ભક્તિ કહે છે. ગામઠી ભાષામાં કહેવું હોય તો જે વિભક્ત થયો જ નથી તે ભક્ત. દરેક કૃતિમાં તે અને ભગવાન સાથે હોય છે. તેના માટે જ તેની કૃતિ થાય છે. આવી એક ભાવના, આવી એક વૃત્તિ બનાવવાની છે. તે માટે પ્રયત્ન કરવાનો છે. આ જ મનુષ્ય જીવનનું ધ્યેય છે. કંઈ કરવું નથી, એમ નહિ, પાયામાં ભક્તિ રાખીને કૃતિ કરવી છે. સમાજોદ્ધાર, પરોપકાર કે કોઈપણ કૃતિ ભક્તિના પાયા પર કરવાની છે. તમારી કૃતિ નૈતિક હશે, વ્યાવહારિક હશે પણ તેની બેઠકમાં ભક્તિ હોવી જોઈએ. ભક્તિ એવી કે ભક્ત આવ્યો ભક્તિમાં, પ્રેમ અને નિર્ભયતા એ પહેલી વાત છે તે પ્રાપ્ત થાય ત્યાં સુધી જે કસરત ચાલે છે. તેને ઉપાસના કહે છે. તેથી 'ઉપાસક' જુદો અને 'ભક્ત' જુદો. ભક્ત તે છે કે ભગવાનથી ભગવાનના વિચારથી વિભક્ત થતો જ નથી. જે મંદિરમાં ભક્ત છે અને માર્કટમાં જઈને વિભક્ત છે. તે ભક્ત જ નથી, તે ઉપાસક છે.

*દેશ માટે રાજા, સમાજ માટે ગુરૂ, પરિવાર માટે માતા-પિતા, ઘર માટે સ્ત્રી. એ ક્યારેય સાધારણ ન હોય કેમકે નિર્માણ અને પ્રલય એના હાથમાં હોય છે.*

**મણકો ૫૮ મો : ''સારાંખરાબ કાર્યોનું ફળ અવશ્ય મળે છે.''**

ઘણા લોકોને મનમાં એ સવાલ આવતો હોય છે કે, શું ભગવાન આપણું ભલું ઈચ્છે છે? કેમ કે જ્યારે આપણને ન ગમતાં કામ કરવા પડે ત્યારે ભગવાનની ભૂમિકા પર શંકા થાય છે. સ્વામી અવધેશાનંદ-ગિરિજી કહે છે, ''મનુષ્ય નથી સમજી શકતો કે ભગવાન હમેશા તેનું ભલું ઈચ્છે છે અને ભલું કરે છે. જો મનુષ્ય પોતાના સમસ્ત કર્મો ભગવાનને સમર્પિત કરી દે તો તેનો આત્મા ક્યારેય ખોટું કામ નહીં કરે અને તેને એવો આભાસ થઈ જશે કે ખોટું કામ ન કરવું જોઈએ. ભગવાન સત્કર્મીઓ અને ભક્તોને પ્રેરણા આપે છે કે, આ કરવું અને આ ન કરવું. એટલે કે ભગવાન આપણું ભલું ઈચ્છે છે. ખોટા કામ કરનારને ભગવાનની ભૂમિકા એટલા માટે નથી સમજાતી કે તેના આત્મામાં ભગવાન દ્વારા કરાયેલી ભલાઈનું ભાન જ નથી હોતું. સમસ્ત જીવોને પ્રેમ કરનાર અને સૌની સહાયતા કરનાર વ્યક્તિ જ સમજી શકે છે કે, ઈશ્વર એક શક્તિ છે જે દરેકમાં વિદ્યમાન છે. આવી વ્યક્તિ આ ધારણાથી વિપરીત કામ કરી શકતી નથી અને દરેક ક્ષણે ભગવાનનો ભય રહે છે કે, આમ કરવાથી ભગવાન મને શું કહેશે? આપણે ગમે તેટલા છૂપાઈએ, ભગવાન દરેક કામ પર નજર રાખે છે. એટલે જ ભગવાનથી ડરવું જોઈએ. એ વાત સાચી છે કે, ભગવાનને ત્યાં ન્યાય મળવામાં મોડું થાય છે. પરંતુ મળે છે જરૂર. તે સારા અને ખરાબ કામનું ફળ અવશ્ય આપે છે. સત્કર્મીને અનાયાસે એ આભાસ થઈ જ જાય છે કે, ઈશ્વર મને આ કામમાં મદદ કરી રહ્યો છે. મારા પર એમની કૃપા થઈ રહી છે. એમાં એવા લોકો પણ છે જેઓ એ જાણી જાય છે.

**મણકો ૫૯ મો : ''પરોપકારની ભાવના નૈતિકતામાં વધારો કરે છે.''**

આ કથા આફ્રિકાના જંગલની છે. જેમાં મોટી સંખ્યામાં સિંહો રહે છે. શિકારીઓ તેમનું ચામડું મેળવવા માટે જંગલમાં ખાડા ખોદીને સિંહને એમાં કેદ કરીને મારી નાખે છે. એકવાર શિકારીઓએ આવો જ એક ખાડો ખોદ્યો અને તેને ઢાંકી દીધો. રાત્રે એક સિંહ તેમાં પડી ગયો. એ જ સમયે બીજો એક શિકારી ત્યાંથી પસાર થયો. તેણે જોયું કે ખાડામાં પડેલો સિંહ વારંવાર કૂદકા મારીને ખાડામાંથી બહાર આવવા પ્રયાસ કરી રહ્યો છે. પરંતુ ખાડાની ચારેય બાજુ લગાવેલી અણીદાર લાકડીઓ તેને વાગે છે અને ફરી ખાડામાં પડી જાય છે. શિકારીને સિંહ પર દયા આવી જાય છે. તેણે એક દોરડામાં બે લાકડીઓને બાંધી અને ઝાડ પર ચઢી ગયો. ઝાડ પરથી દોરડું ખેંચીને તેણે લાકડીઓ ઉખાડી નાંખી. વચ્ચેથી લાકડીઓ એટલા માટે ન કાઢી કે કદાચ સિંહ ખાડામાંથી નીકળ્યા પછી ખુદ એને જ ન મારી નાંખે. શિકારીની મદદથી સિંહ બહાર આવી ગયો.

થોડા જ દિવસો બાદ એ શિકારી વનમાં સૂતો હતો અને ત્યાં જ એક ચિત્તાએ શિકારી પર હુમલો કરી દીધો. ચિત્તો તેને મારી જ નાંખવાનો હતો કે ત્યાં જ એક સિંહે આવીને ચિત્તા પર આક્રમણ કરી ચિત્તાને મારી નાંખ્યો. શિકારી સમજી ગયો કે ચિત્તાને માર્યા પછી સિંહ તેને મારશે, પરંતુ સિંહે શિકારીને સામે બેસીને પૂંછડી હલાવવા લાગ્યો. શિકારી સમજી ગયો કે આ એ જ સિંહ છે જેને ખાડામાંથી પોતે બહાર કાઢ્યો હતો. શિકારીએ પ્રેમથી સિંહના માથે હાથ ફેરવ્યો અને પછી પોતાના રસ્તે ચાલતો થયો.

ઉપકારના બદલે પરોપકારની ભાવનાથી જ સાચા અર્થમાં સૌમનસ્ય ઊપજે છે. એ રીતે સમાજનું નૈતિક બળ વધે છે.

**શૌનકજીએ પ્રશ્ન કર્યો** - ''સૂતનંદન ઉગ્રશ્રવા! હવે તમે આસ્તીક ઋષિની કથા સંભળાવો, જેમણે જનમેજયના સર્પ-સત્રમાં નાગરાજ તક્ષકની રક્ષા કરી હતી. તમારા મુખેથી કહેવાતી કથા અત્યંત મધુર અને સરસ હોય છે. ખરેખર તમે તમારા પિતાના જેવા જ પુત્ર છો. તેમના જેવી કથા અમને સંભળાવો.

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** - આયુષ્યમાન્! મેં મારા પિતાના મુખે આસ્તીકની કથા સાંભળી છે. તે જ તમને સંભળાવું છું. સતયુગમાં દક્ષ પ્રજાપતિની બે કન્યાઓ હતી - કદ્રૂ અને વિનતા. તેમનાં લગ્ન કશ્યપ ઋષિ સાથે થયાં હતાં. કશ્યપ પોતાની ધર્મપત્નીઓ પર પ્રસન્ન થઈને બોલ્યા, ''તમારી જે ઈચ્છા હોય તે વરદાન માંગી લો.'' કદ્રૂએ કહ્યું, ''એક હજાર સમાન તેજસ્વી નાગ મારા પુત્ર થાય.'' વિનતા બોલી, ''તેજ, શરીર અને બળ-પરાક્રમમાં કદ્રૂના પુત્રોથી શ્રેષ્ઠ એવા બે જ પુત્રો મને પ્રાપ્ત થાય.'' કશ્યપજીએ ''તથાસ્તુ'' કહ્યું. બંને પ્રસન્ન થઈ ગઈ. સાવચેતીપૂર્વક ગર્ભની રક્ષા કરવાની આજ્ઞા આપીને કશ્યપજી વનમાં ચાલ્યા ગયા.

સમય ઉપસ્થિત થતાં કદ્રૂએ એક હજાર અને વિનતાએ બે ઈંડાં આપ્યાં. દાસીઓએ પ્રસન્ન થઈ ગરમ વાસણોમાં તે મૂકી દીધાં, પાંચસો વર્ષ પૂરાં થતાં કદ્રૂના તો હજાર પુત્રો તેમાંથી નીકળ્યા, પરંતુ વિનતાનાં બે બાળકો ન નીકળ્યાં. વિનતાએ પોતાના હાથે એક ઈંડું ફોડી નાંખ્યું. તે ઈંડાનું બચ્ચું અરધા શરીરે તો પુષ્ટ થઈ ગયું હતું, પરંતુ તેનું નીચેનું અરધું શરીર હજી કાચું હતું. નવજાતશિશુએ ક્રોધિત થઈને પોતાની માતાને શાપ આપ્યો, ''મા! તેં લોભવશ મારા અધૂરા શરીરને જ કાઢી લીધુ છે. તે માટે તું તારી તે જ શોકની કે જેનો તું દ્વેષ કરે છે તેની પાંચસો વર્ષ સુધી દાસી થઈશ. જો મારી જેમ તું બીજા ઈંડાને પણ ફોડીને તેમાંના બાળકને અંગહીન અથવા વિકૃત અંગવાળું નહિ કરે તો તે બાળક જ તને આ શાપથી મુક્ત કરશે. જો તારી એવી ઈચ્છા હોય કે મારો બીજો પુત્ર બળવાન થાય તો ધીરજપૂર્વક પાંચસો વર્ષ પ્રતીક્ષા કર.'' આ પ્રમાણે શાપ આપીને તે બાળક આકાશમાં ઊડી ગયો અને તે સૂર્યનો સારથિ બન્યો. પ્રાતઃકાળની લાલિમા તેની જ ઝલક છે. તે બાળકનું નામ અરુણ પડ્યું.

એક વાર કદ્રૂ અને વિનતા બંને બહેનો એકસાથે ફરી રહી હતી ત્યારે તેમને નજીકમાં ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો દેખાયો. તે ઘોડો (અશ્વરત્ન) અમૃત-મંથન કરતાં સમુદ્રમાંથી ઉત્પન્ન થયો હતો અને તે બધા અશ્વોમાં શ્રેષ્ઠ, બળવાન, વિજયી, સુંદર, અજર (જરાવસ્થા રહિત), દિવ્ય અને બધાં શુભ લક્ષણોથી સંપન્ન હતો. તેને જોઈને તે બંને પરસ્પર તેનું વર્ણન કરવા લાગી.

**શૌનકજીએ પૂછ્યું** - ''સૂતનંદન! દેવતાઓએ અમૃત-મંથન કયા સ્થાન પર અને શા માટે કર્યું હતું? અમૃત-મંથન સમયે ઉચ્ચૈઃશ્રવા ઘોડો કઈ રીતે ઉત્પન્ન થયો?'' ઉગ્રશ્રવાજી મહર્ષિ શૌનકનો પ્રશ્ન સાંભળીને તેમને અમૃત-મંથનની કથા કહેવા લાગ્યા. ■

આપણા ઋષિમુનિઓ તથા આપણા શાસ્ત્રોના કહેવા મુજબ મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે. ભવોભવની પુણ્યાયના પ્રતાપે મનુષ્ય જન્મ મળે છે. મનુષ્ય જન્મમાં પાપ-પુણ્યનું ભાથું બાંધી શકાય છે. સદ્‌ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી મનુષ્ય જન્મમાં જ મોક્ષપદ પ્રાપ્ત થઈ શકે છે. આહાર, નિંદ્રા, ભય અને મૈથુન દરેક જીવને ઈશ્વરે આપ્યા છે. પણ મનુષ્યને એક ને જ બુદ્ધિ પ્રદાન કરી છે. જે બુદ્ધિ વડે મનુષ્ય સારા-નરસા કર્મ કરીને પોતાનું સારું-નરસું જીવન બનાવી શકે છે. મનુષ્ય પોતાના સારા કર્મોની સુવાસ ફેલાવી શકે તો તેમનું ''સાર્થક જીવન'' ગણાય. જો તમારી પાસે કોઈ ખાસ વિદ્યા, આવડત, અઢળ ધનદોલત અને જ્ઞાન હોય તો તેને સાર્વજનિક બનાવી વહેંચજો, બીજાને મદદ કરજો, જીવનમાં પરોપકારી, પરમાર્થી બનવાથી, બીજાને મદદરૂપ થવાનો સંકલ્પ કરો. ''સાર્થક જીવન'' કરવું હોય તો સમયને સાચવો સમયની કિંમત કરો અને આળસને દૂર કરો. સમયની સાથે ચાલો. સમયની લગામ તમારા હાથમાં નથી પણ તમારી લગામ સમયના હાથમાં છે. તુલસીદાસે કહ્યું છે કે-

**ન ધન રહે ન યૌવન રહે, રહે ન ગામ ઔર ધામ,**
**તુલસીદાસ જગમે જશ રહે, કરદે કિસકા કામ.**

જેઓને સારા-નરસાનું, સાચા-ખોટાનું ભાન (વિવેક બુદ્ધિ) નથી તેનો મનુષ્ય જન્મ સાર્થક નથી. દરેક વ્યક્તિ સાથેના આપણા સંબંધો અને વ્યવહારો સારા હોવા જોઈએ, લોકો યાદ કરવા જોઈએ. દરેક જીજીનમાં શીવ છે તેમ સમજી કોઈને દુઃખ ન થાય તેવું વર્તન, વ્યવહાર કરવા જોઈએ. જે મનુષ્ય સારા વિચારોને પકડી શકે છે, એણે હાથમાં માળા પકડવાની જરૂર રહેતી નથી. સારા કાર્ય કરવાની સંકલ્પ શક્તિથી ''સાર્થક જીવન'' બને છે. જીવનનું દરેક કાર્ય ઈશ્વરને સમર્પિત કરો. આત્મદર્શન કરી નકારાત્મક વિચારોને અલવિદા કરો. મનને સકારાત્મક વિચારવાની તાલિમ આપો. ''સાર્થક જીવન'' કરવા જતું કરતા શિખો અને સમાધાન કરતા શિખો. એક સારો વિચાર જીવનનું પરિવર્તન લાવી શકે. દરરોજ સારા કાર્ય કરવાનો સંકલ્પ કરો. એક પણ ક્ષણ નકામી વેડફશો નહીં. વેડફાયેલો સમય ક્યારેય પાછો મળવાનો નથી. કોઈની કુથલી કે નિંદા કરવામાં સમય બગાડશો નહીં. તમારા કર્મોની સુવાસ ફેલાય તેલા કર્મો કરો. કોઈની લાગણી દુભાય તેવા ખરાબ વેણ ન કાઢો. કોઈના વિષે સત્ય હકિકત જાણ્યા વિના ખોટી ચર્ચા ન કરો. કોઈની ખોટી ચર્ચા કરવી મહાપાપ છે. બીજાના અવગુણો જોવાને બદલે પોતાના જ અવગુણો જોવાનું રાખો, આપોઆપ જીવન સાર્થક થઈ જશે. અગરબત્તી બળીને પોતાની સુવાસ ફેલાવે છે, દિપક (દિવો)ની જેમ બળીને બીજાને ઉજાસ આપે છે તેમ આપણે પણ આપણા જીવનમાં કષ્ટ વેઠીને જગતમાં ઉજાસ અને સુવાસ ફેલાવીએ. લોકોના દિલ જીતનાનો પ્રયાસ કરો. ''જેવું કરો તેવું પામો અને વાવો તેવું લણો.'' આ કુદરતનો નિયમ છે. દરેક સાથે મિત્રભાવ રાખતા શીખો.

**મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરો**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.**

જીવન એવું જીવો કે દુનિયા ફરિયાદ ન કરે અને સત્‌કર્મો એવા કરો કે દુનિયા તમને યાદ કરે. દિનભર એવા કામ કરો રાત્રે ઊંઘ બરાબર આવે. અન્નનો ઉપવાસ નહી પણ મનનો ઉપવાસ કરો. આજે હું ક્રોધ નહીં કરું, આજે હું કોઈની કુથલી કે નિંદા નહીં કરું, આજે હું ખોટું નહીં કરું, આજે હું અહંકાર નહીં કરું, આજે હું કોઈની લાગણી દુભાવીશ નહીં આ રીતે મનનો ઉપવાસ વધતો રહે તો અન્નના ઉપવાસની જરૂર નથી. નરસિંહ મહેતાના ભજનમાં કહ્યું છે કે -ીં, ક્જી

**વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,**
**પરદુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે**
**સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,**
**વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે**

જે મનુષ્ય બીજાની પીડાને પોતાની પીડા સમજી બીજાનું દુઃખ દર્દ ઓછું કરવાનો ઉપકાર કરે છતાં મનમાં જરાપણ અભિમાન ન આવે અને સકલ જગતમાં દરેક જીવને શિવ જાણી વંદન કરે, કોઈની નિંદા ન કરે તે મનુષ્યનું ''સાર્થક જીવન'' છે. આ જગતમાં પરોપકાર જેવો બીજો કોઈ ધર્મ નથી અને બીજા દુઃખ અથવા સમાન બીજુ કોઈ પાપ નથી. અઢારે પુરાણોનો સાર પારકાનું ભલુ કરવું તે પુણ્ય અને બીજાને દુઃખ દેવું તે પાપ છે. મનુષ્ય કેટલું જીવ્યયો તે મહત્વનું નથી, કેવું જીવ્યો તે મહત્વનું છે. ભેગુ કરેલું ભેગું નહીં આવે, પણ ભેગું કરવા કરેલા પાપ કર્મો જરૂર ભેગા આવશે. બીજાને સુખઈ કરવા તમારા હાથની વાત નથી પણ બીજાને સુખી કરવા તમારા હાથની વાત છે. દુલાભાઈ કાગની વાણીમાં કહ્યું છે કે-

**એજી તારા આંગણીયા પૂછીને જે કોઈ આવે રે**
**આવકારો મીઠો આપજે રે**
**એજી તારા કાને રે સંકટ કોઈ સંભળવો રે**
**બને તો થડું કાપજે રે**

આપણી પાસે કોઈ દુઃખ દર્દ કે કોઈ સંકટની વાત લઈને આવે તો આપણાથી શક્ય હોય તેટલી મદદ કરવી. આપણી આર્થિક સગવડતા ન હોય તો શારીરિક રીતે પણ મદદ કરવી જોઈએ. મનુષ્યનો પ્રાથમિક ધર્મ છે, માનવતા. પરસ્પર દેવો ભવઃની ભાવના રાખી દરેક જીવ ઉપર કરૂણા રાખવી. પ્રભુની શોધ માટે બીજે ક્યાંય જવાની જરૂર નથી. ગરીબ, દુઃખી અને અશત લોકો જ પ્રભુરૂપ છે. એટલે તેવા લોકોની સેવા કરો. જે ઘરમાં માતા-પિતા, ગુરુ તથા અતિથિનો સત્કાર થતો હોય તે ગૃહસંસાર પરિવારને ધન્ય છે. તેમના માટે અહીં જ સ્વર્ગ છે. મનુષ્ય જન્મ મળ્યો છે. પ્રભુએ તન-મન અને ધનથી સુખી બનાવ્યા છે; તો આપણે પણ આપણ તન-મન અને ધનનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ, માતૃભૂમિ અને રાષ્ટ્રની સેવા કરવા આપણા તન-મન અને ધન વપરાવા જોઈએ. દિન-દુખિયા અને ગરીબોની પીડાને જાણે એ જ ખરા અર્થમાં મનુષ્ય ગણાય. કબીર સાહેબે કહ્યું કે -

**કબીર કહે કમાલકું, દો બાતા તું શીખ લે**
**કર સાહેબ કી બંદગી, ઔર ભૂખે કો અન્ન દે**

જે મનુષ્યમાં ખરેખર માનવતા છે તેનું ''સાર્થક જીવન'' ગણાય. બાકી તો કૂતરા-ગધેડા કે મનુષ્યમાં ફેર શું? એક કવિએ જનનીને કહ્યું કે-

**જનની જણ તો ભક્ત જણજે, કાં દાતા કાં સૂર**
**નહીંતર રહેજે વાંઝણી, તારુ મત ગુમાવીશ નૂર**

આપણે સૌ માધવાનંદ પરંપરાના સેવકો છીએ. પ.પૂ. અખંડાનંદ સાગરજી મહારાજના સંસ્કારો જીવનમાં ઉતારીને આપણા જીવનને પણ ''સાર્થક જીવન'' બનાવીએ. પરોપકારની ભાવના કેળવીએ.

**''દરેક વ્યક્તિ એક વૃક્ષ વાવીએ અને તેને ઉછેરવાનો દૃઢ સંકલ્પ કરીએ.''**

- *જ્યારે ઈશ્વરની તમારા ઉપર કૃપા વરસતી હોય ત્યારે કોઈનું ધ્યાન રાખજો કોઈને ધ્યાનમાં ન રાખતા.*
- *અહંકાર એ સામાવાળાને ઝુકાવવામાં આનંદ માણે છે. જ્યારે સંસ્કાર પોતે ઝૂકીને આનંદ માણે છે.*

# અન્નનો ઓડકાર

નીતીન નટવરભાઈ પટેલ
(ઓઝરાળા)

ભોજન, ખોરાક, અન્ન, ધાન આ બધા જ શબ્દોથી ભાગ્યે જ કોઈ પરિચિત ન હોય તેવું બની શકે! અરે ભાઈ બની જ ન શકે. દરેકને પહેલા આની જરૂર તો પડવાની જ. આપણા સંતો પણ કહે છે કે ભૂખે ભજન ન થાય. આથી જ તો કથા અથવા સત્સંગ બાદ પ્રસાદીની વ્યવસ્થા રાખવામાં આવે છે. પરંતુ ભોજન પણ શુદ્ધ આચરણથી કરેલું હોવું જોઈએ. સારા લોકો દ્વારા બનાવાયું હોવું જોઈએ. અને શુભ હેતુ કે સારી ભાવના પાછળ બનાવેલ હોવું જોઈએ.

પેલું કહેવાયુ છે ને કે જેવું અન્ન તેવુ મન. આપણે જેવું અન્ન ગ્રહણ કરીશુ તેવા વિચારો મનને આવશે અને તેવા જ કાર્યો કરવા પ્રેરાઈશું. એક સરસ દૃષ્ટાંત દ્વારા સમજીએ.

એક વખતની વાત છે. પહેલા લોકો ગામ છોડી શહેર તરફ આર્થિક ઉપાર્જન માટે જતાં હતા. આવી જ રીતે મુકેશ પણ ગામ છોડી શહેર તરફ કમાવવા માટે ગયો. પોતાના ગામની અંદર મુકેશ સૌથી સારા માણસ તરીકે ગણાતો. પરંતુ નાણાની અછતના કારણે તેને પણ શહેર તરફ વળવું પડ્યું. તેને તેના ભણતર પ્રમાણે કારકુનની નોકરી મળી ગઈ આથી પત્ર લખીને ગામમાં માને જણાવી દીધું કે અહીંતે એકલો રહીને નોકરી કરશે. મા-બાપને ઠીક લાગ્યુ સારું કે છોકરો કામ-ધંધે તો વળગ્યો. પરંતુ મુકેશને અહીં રોજ રહ્યા કરતા તો ખાવાની ચિંતા વધુ હતી. આથી તે ગમે ત્યાં ભોજનાલય, ફૂટપાથ પર કે અન્ય જગ્યાએ જઈને જમી લેતો. ધીરે ધીરે તે પોતાના હિસાબોમાં ચોરી છૂપી રીતે ગોટાળા બતાવવા લાગ્યો. ખર્ચ ઓછો થતો હોય તો વધુ બતાવે અને બાકીના પૈસાની ઉઠાંતરી કરતો. કારણ કે રાત્રિના ભોજનની ચિંતા. આમને આમ થોડા વખત સુધી ચાલતું રહ્યું. પરંતુ એક દિવસ તે રંગે હાથે ઝડપાઈ ગયો અને નોકરીમાંથી છૂટો થઈ ગયો. આ કારણ છે કે પરસેવો પાડીને મહા મહેનતે કમાવવાની જગ્યાએ તે ગોટાળા કરીને ભોજન આરોગતો હતો. આથી આ ભોજનની અસર તેના મન પર પડી અને છેવટે તેના બુરા હાલ થયા.

આથી તમે જે પૈસા / અન્ન પેદા કરો છો તેમાં તમારો પરસેવો પાડો છો? જો ના પાડતા હોય તો શરૂ કરી દો. વાંચો આ બીજો પ્રસંગ -

એક વખત ગામની અંદર સાધુ-સંતોનું આગમન થયું હતું. દરેક પોતાની રીતે સાધુ સંતોની સમક્ષ સાંજના સત્સંગની વ્યવસ્થા કરીને મંદિરમાં ઉતારો આપ્યો. ગામમાં આગેવાનના ઘરેથી ભોજનની તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી. પરંતુ સંતોએ કહ્યું, હરિના ભગતને જે થોડું મળે તે અહીં આવી જજો. અમે ત્યાં આવી શકીશું નહિ. નગર શેઠને ત્યાં સુધુ સંતો માટે શુદ્ધ ઘીના પકવાન અને અન્ય રસોઈ બનાવવામાં આવી અને સાધુ સમક્ષ મૂકવામાં આવી.

સંતે બંને તરફ દૃષ્ટિ કરી અને રોટલા-શાક-છાશનું ભોજન આરોગવા લાગ્યા. ત્યારે નગરશેઠે કહ્યું મહારાજ આપની માટે અમે આટલી સરસ રસોઈ બનાવી છતાં તમે તેને અડક્યા નહિ અને આ ખેડૂતનું ભોજન આરોગવા બેસી ગયા.

સાધુએ તરત જ મીઠાઈ હાથમાં લીધી અને મુઠ્ઠીમાં મસળવા લાગ્યા. અંદરથી લોહીની ધાર નીકળીને ટપકવા લાગી. બધા અચંબામાં પડી ગયા. સાધુએ કહ્યું કે આ ધન મેળવવામાં તે કસી જ મહેનત કરી નથી ઉલટાનું લોકોનું હતું તે ઝૂટવી લીધુ છે. માટે આવું થાય છે. જ્યારે ખેડૂતના ભોજનમાંથી તેના દ્વારા પડાયેલા પરસેવાની સુગંધ છે. જેનો અર્થ તેને મહામહેનતે મેળવ્યું છે અને ભોજન બનાવ્યું છે. ■

# આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે

કૃષ્ણાબેન જી. સવાણી
(નવાનાવડા)

ગતાંકથી ચાલુ

**શિષ્ય : હું ! મહારાજ ! હું સચ્ચિદાનંદ કેવી રીતે છું તે મને સ્પષ્ટ અનુભવથી સમજવામાં આવે તે રીતે સત્, ચિત અને આનંદ એ ત્રણે પદનો અર્થ કહો.**

**ગુરુ :** હું શિષ્ય! જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થામાં તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળમાં તું આત્મા છે. માટે સત અને જાગ્રત આદી ત્રણ અવસ્થાને જાણે છે. મારે ચિત્, જ્ઞાન અને સદાકાળ આત્મામાં પરમ પ્રેમાસ્પદ રૂપ છે, માટે આનંદ છે.

**-: દૃષ્ટાંત :-**

**ટીકા :** વિત એટલે ધન તેથી પુત્ર, પ્રિય છે. તેની રક્ષા સારું તથા ચોરી અથવા જુગાર આદિ પુત્રનો અપરાધ થયો હોય તો તેથી તેને બચાવવા સારું પિતા ધનનો ખર્ચ કરે છે. ધનથી પુત્ર પ્રિય છે અને પુત્રથી પોતાનો દેહ પ્રિય છે. કેમ કે દુષ્કાળમાં પુત્રને વેચી દઈને પોતાના દેહની રક્ષા કરે છે. માટે પુત્રથી પોતાનો દેહ પ્રિય છે અને પોતાના દેહથી પોતાની ઈન્દ્રિય પ્રિય છે કેમ કે કોઈ મારવા આવે તો પોતાની ઈન્દ્રિયોને બચાવવા સારું પોતાના દેહનો વાંસો, માથુ, હાથ વગેરે અવયવોમાં વાગવા દે છે. તેથી ઈન્દ્રિયો પ્રિય છે એમ અનુભવ થાય છે. અને ઈન્દ્રિયોથી પ્રાણ અધિક પ્રિય છે, કેમ કે કોઈને પ્રાણની સિક્ષા કરવાની હોય તો તે એમ કહે છે મારા હાથ-પગ વગેરે ઈન્દ્રિયોને કાપો પણ મારા પ્રાણ બચાવો માટે ઈન્દ્રિયોથી પ્રાણ પ્રિય છે. એમ જણાય છે અને પ્રાણથી પરમ શ્રેષ્ઠ પોતાનો આત્મા અતિશય પ્રિય છે કેમ કે કોઈ પુરુષ કોઈ નિમિતથી કહે છે મારા પ્રાણ જાય તો હું ઘણો સુખી થાવ. એમ કહેવાથી દેહ, ઈન્દ્રિયો અને પ્રાણથી પણ જુદો સુખરૂપ આત્મા છે. એવું જુણવું.

**-: જ્ઞાનથી મોક્ષ :-**

**ટીકા :** ઉપર કહ્યું એ રીતે ત્રણ દેહ તથા ત્રણ અવસ્થા પંચકોષ ભોગતા અને ભોગ્ય આદિ સર્વનો વાર વાર વિચાર કરી તે સર્વ દેહાદિક દશ્ય છે. છે અને હું તેનો દૃષ્ટા છું સાક્ષી આત્મા છું એમ જે પુરુષ નિશ્ચયથી જાણે છે. તે પુરુષ મુક્ત છે અને તે જ વિદ્વાન છે. એમ વેદાન્ત શાસ્ત્રનું નગારું ખુલ્લી રીતે કહે છે.

**-: મહાકારણ દેહ તથા આત્મા :-**

**ચોપાઈ : ચોથો મહાકારણ દેહ જ્ઞાન સ્વરૂપ,**
**તેનો તું પ્રકાશક શુદ્ધ સ્વરૂપ;**
**તેહમાં તત્વ કહું સુજાણ,**
**તે તું શ્રવણ કર વિનાજ્ઞાન.**

**શિષ્ય :** હે મહારાજ! તમે કહ્યું કે અસ્તિ, ભાંતિ અને પ્રિયરૂપે તું સામાન્ય જ્ઞાનરૂપ આત્મા જગતમાં વ્યાપક છે. પણ અસ્તિ, ભાંતિ અને પ્રિય તે કોને કહેવાય તે કૃપા કરીને કહો અને જગત કોને કહેવાય તે પણ કહો.

**-: સામાન્ય તથા વિશેષજ્ઞાન :-**

**ગુરુ :** હે શિષ્ય! જ્ઞાન બે પ્રકારના છે. એક સામાન્ય જ્ઞાન અને બીજુ વિશેષ જ્ઞાન. તેમાં સામાન્ય જ્ઞાન અજ્ઞાનનું વિરોધી નથી પણ ઊલટું અજ્ઞાનને પ્રગટ કરે છે. અર્થાત અજ્ઞાનને દેખાડી આપે છે. જેમ સૂર્યનો પ્રકાશ તડકો, કષ્ટ, તણખલા તુલ્ય વગેરેને સર્વ પદાર્થો ઉપર પડે છે તે તડકામાં સામાન્ય રૂપે અગ્નિ છે. તથાપિ કાષ્ઠ તૃણ આદિને બાળતું નથી. ને જ્યારે એ તડકામાં આગીયો કાચ ધરવાથી વિશેષ અગ્નિ ઉત્પન્ન થાય છે ત્યારે તે અગ્નિ કાષ્ઠ તૃણ આદિને બાળે છે. તેમજ સામાન્ય જ્ઞાન સર્વ મનુષ્યમાં છે. પણ હું અજ્ઞાની છું. હું મને જાણતો નથી. હું મનુષ્ય છે. કર્તા ભોક્તા સુખી દુ:ખી છું. ઈત્યાદી અજ્ઞાન તથા તેના કાર્યોને મટાડતું નથી. ઉલટું અજ્ઞાન તથા તેના કાર્યોને તે સામાન્ય જ્ઞાન દેખાડી આપે છે અને જો તે અજ્ઞાનનું વિરોધી હોત તો અજ્ઞાન તથા તેનાં કાર્યોની કદાપિ પ્રતીતી થાત નહિ અને થાય તો છે.

**શિષ્ય : હે ગુરુ મહારાજ! કાન વિના શી**

રીતે સંભળાય ?

**ગુરુ :** વગર સમજે કાનથી સાંભળ્યું તે ન સાંભળ્યા બરાબર છે. મહાકારણ દેહના તુર્યા આદિ આઠ તત્વો નિરૂપણ કર્યા છે. તેમના નામ કેવળ કાનથી સાંભળે પણ તે તુરીય આદિ નામોનો અર્થ અનુભવપૂર્વક એકાગ્ર ચિતથી ધારણ કર્યા વિના સમજતો નથી. માટે અનુભવ સહિત વિચારપૂર્વક એકાગ્ર ચિતથી સાંભળ્યું તે કાન વિના સાંભળવું એમ જાણવું પણ કાન વિના શબ્દ સાંભળો એમ કાંઈ કહેવાનો અભિપ્રાય નથી.

માટે સામાન્યજ્ઞાન અજ્ઞાનનું વિરોધી નથી અને તું આત્મા પણ સામાન્ય જ્ઞાનરૂપ છે. તેમાં અજ્ઞાનથી કલ્પિત નામરૂપ ભાસે છે. એમ કહેવું સંભવે છે અને જ્યારે બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ દ્વારા વેદાન્ત શાસ્ત્રના ઉપદેશથી હું સચ્ચિદાનંદરૂપ આત્મા બ્રહ્મ છું એવું બુદ્ધિની અંદર વિશેષ્ય જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ વખતે હું અજ્ઞાની છું અધુ જે અજ્ઞાન ત્યાં તેનું કાર્ય જે હું કર્તા ભોક્તા મનુષ્ય વર્ણાશ્રમ સુખી દુઃખી ઈત્યાદિ વિપરીત અધ્યાસ તે કાર્યની નિવૃત્તિ થાય છે.

**-: સામાન્ય જ્ઞાન તથા અજ્ઞાન અને વિશેષ જ્ઞાન :-**

**ગુરુ :** આદિત્ય સામાન્યજ્ઞાનરૂપ આત્મા એક સત્ય છે અને એ વિશેષ જ્ઞાન છે. ગુરુ શાસ્ત્રના ઉપદેશથી વૃત્તિ દ્વારા થાય છે. તો અજ્ઞાનને અને તેનું કાર્ય જે દૈહાદિકમાં અભ્યાસ છે. તેને મટાડીને પાછુ પોતે પણ નિવૃત્ત મય છે. તેથી જુદુ નથી રહેતું માટે દ્વૈત ન કહેવાય. કેવળ એક સામાન્ય જ્ઞાન રૂપ પણ આત્મા રહે છે. તે ઉપર દૃષ્ટાંત કહું તે સાંભળ.

**-: અસત્યથી થતું દુઃખ :-**

**ગુરુ :** સાચું હોય તે જ દેખવામાં આવે ને સાચાથી જ દુઃખ-સુખ થાય એવો કોઈ નિયમ નથી. અસત્ય પણ દેખવામાં આવે છે ને અસત્યથી સુખ-દુઃખ પણ થાય છે. જેમ સ્વપ્ન અસત્ય છે ને દેખાય છે. તથા તેનાથી સુખ દુઃખપણ થાય છે. જેમ સુક્તિમાં કલ્પિત ચાંદી જો રજ્જુમાં કલ્પિત સર્પ અસત્ય છે. તો પણ દેખાય છે. અને તેનાથી સુખ-દુઃખ પણ થાય છે. જેમ મૃગજળ તથા આકાશમાં, નીલતા અસત્ય છે. અને જદેખાય છે તેમ જગત અસત્ય છે તો પણ દેખાય છે. તેથી સાચું જ દેખાય એમ કાંઈ નથી.

**ગુરુ :** ઈશ્વરે રચેલા દેહ, સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં જે અહંતા-મમતારૂપ દૃઢ અધ્યાસ દેખાય છે તે જીવનો કરેલો છે. તે અધ્યાસ બંધનનો તથા દુઃખનો હેતુ છે. તે દેહ કોઈને બંધન કરતો નથી. પણ અહંતા, મમતારૂપ જીવસૃષ્ટિ છે તે બંધનનું કારણ છે. સંબંધ દુઃખ દે છે. દેહ દુઃખ દેતો નથી. દેહ તો ભગવાનનો બનાવેલો છે તે દુઃખ દે નહિ.

**-: મહાકારણ દેહના આઠ તત્વો :-**

**તૂર્યા અવસ્થા મૂર્ધનિ સ્થાન,**
**પરા વાચા આનંદ વાસ ભોગ જાણ;**
**ઈચ્છા શક્તિ શુદ્ધ સત્વગુણ માન,**
**અર્ધમાત્રા પ્રત્યગાત્મા અભિમાન.**


**-: તુર્યાતીતનું નિરૂપણ :-**

**શિષ્ય : તુરીય એવું શુદ્ધ આત્માનું નામ છે, અને તમે મને તુર્યાતીત કહ્યો ત્યારે શુદ્ધ આત્માથી જુદો હું કોણ છું ?**

**ગુરુ :** તુરીય જે શુદ્ધ આત્મા છે તેને જ મેં તુર્યાતીત કહ્યો છે કેમ કે હું જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને જાણવાવાળો એક રસ આત્મા તે ત્રણ અવસ્થાથી જુદો છે તથા તે ત્રણે અવસ્થાની અપેક્ષાથી તુરીય એટલે ચોથો એમ કહેવામાં આવે છે પણ તે અવસ્થાનો નાશ થયાથી તુરીય (ચોથો) એવું નામ કહેવાય નહિ, માટે તુરીયાતીત છે. એટલે તુરીય એવા નામથી રહિત છે. એમ કહ્યુ તેથી તુરીયરૂપ જે આત્મા તેજ તુર્યાતીત છે અને ત્રણ અવસ્થાની અપેક્ષાથી આત્માનું તુરીય એવું નામ કહેવાયું છે. એમ તોટક વૃતનો વેદાંતનો ગ્રંથ છે, તેમાં પણ કહ્યું છે.

(ક્રમશઃ) વધુ આવતા અંકે...

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો અમેરિકા તથા ભારતનો કાર્યક્રમ



- ૦૧-૦૯-૨૦૨૪ સ્ટેફોડ પધારશે.
- ૦૨-૦૯-૨૦૨૪ બાલ્ટીમોર પધારશે.
- ૦૩-૦૯-૨૦૨૪ મેરીલેન પધારશે.
- ૦૬-૦૯-૨૦૨૪ પીસ્ટબર્ગ પધારશે.
- ૦૮-૦૯-૨૦૨૪ ફીલાડેફીયા પધારશે.
- ૧૦-૦૯-૨૦૨૪ બેન્સલામ પધારશે.
- ૧૨-૦૯-૨૦૨૪ ન્યુજર્શી-ઉનીયન પધારશે.
- ૧૪-૦૯-૨૦૨૪ ન્યુજર્શી થી બ્રીટીસ એરવેજમાં નીકળશે. મુંબઈ જવા રવાના થશે.
- ૧૫-૦૯-૨૦૨૪ મુંબઈ પધારશે.
- ૧૭-૦૯-૨૦૨૪ સુરત સાંજે પધારશે.
- ૧૮-૦૯-૨૦૨૪ પૂનમ ઉત્સવ. પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સુરતના આંગણે ધામધૂમથી ઉજવાશે.
- ૧૯-૦૯-૨૦૨૪ ચાણોદ પધારશે.
- ૨૧-૦૯-૨૦૨૪ ઓજરાળા પધારશે સાંજે સુઘડ પધારશે.
- ૨૨-૦૯-૨૦૨૪ રવિવાર - સુઘડમાં પૂનમ નિમીત્તે ઉત્સવ.
- ૨૩-૦૯-૨૦૨૪ વસ્તડી પધારશે.
- ૨૪-૦૯-૨૦૨૪ આકરૂ પધારશે.
- ૨૫-૦૯-૨૦૨૪ કંથારીયા પધારશે.
- ૨૭-૦૯-૨૦૨૪ આંકલાવ પધારશે.
- ૨૯-૦૯-૨૦૨૪ આસોદર પધારશે.
- ૩૦-૦૯-૨૦૨૪ હળદરી પધારશે.
- ૦૧-૧૦-૨૦૨૪ નાપાડ પધારશે.
- ૦૩-૧૦-૨૦૨૪ ખડોળ (હળદરી) પધારશે.
- ૦૫-૧૦-૨૦૨૪ ચાણોદ પધારશે.
- ૧૨-૧૦-૨૦૨૪ સુરત પધારશે. (દશહરા)
- ૧૭-૧૦-૨૦૨૪ શરદ પૂર્ણિમા મહોત્સવ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સુરતના આંગણે ધામધૂમથી ઉજવાશે.
- ૧૮-૧૦-૨૦૨૪ ચાણોદ પધારશે.
- ખાસ નોંધ : પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીના કાર્યક્રમમાં સંજોગોવસાત ફેરફાર થાય તો તેમનો સંપર્ક કરી દર્શન કરવા જવું.




















**સૌજન્ય**

શ્રી હરિભાઈ વિઠ્ઠલભાઈ ચકલાશિયા — અ.સૌ. રમીલાબેન હરિભાઈ ચકલાશિયા

શ્રી ડૉ. પંકજભાઈ હરિભાઈ ચકલાશિયા — અ.સૌ. દક્ષાબેન પંકજભાઈ ચકલાશિયા

શ્રી ભરતભાઈ હરિભાઈ ચકલાશિયા — અ.સૌ. વિશ્વાબેન ભરતભાઈ ચકલાશિયા

**મધરકેર હોસ્પિટલ, વેડરોડ (સુરત), બ્લીસ I.V.F. હોસ્પિટલ, રીંગરોડ (સુરત)**

**ગામ : જાળીલા (હાલ-સુરત)**

Printed Book

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2025
POSTRAL REGI. NO. SRT-771/2023-25
POSTED AT SURAT RMS ON 5 th OF EVERY MONTH



























**BOOK POST**

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.

Price per Copy Rs. 50/-